RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 310* Date: 07.09.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શેખ હસીના સાથે બેઠક કરી

# ભારત-બાંગ્લાદેશ વચ્ચે મહત્વના કરાર પર સહિ સિક્કા કરાયા

**બંને દેશોએ આઈટી, અંતરિક્ષ, અને ન્યૂક્લિયર એનર્જી જેવા સેક્ટરમાં પણ સહયોગ વધારવાનું નક્કી કર્યું.**



નવીદિલ્હી,તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સાથે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે અનેક મહત્વના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. બંને દેશોએ આઈટી, અંતરિક્ષ, અને ન્યૂક્લિયર એનર્જી જેવા સેક્ટરમાં પણ સહયોગ વધારવાનું નક્કી કર્યું. અત્રે જણાવવાનું કે બાંગ્લાદેશના પીએમ શેખ હસીના ચાર દિવસના ભારત પ્રવાસે છે.

પીએમ નરેન્દ્ર મોદીની અને બાંગ્લાદેશના પીએમ શેખ હસીના સાથે મુલાકાત બાદ એક જોઈન્ટ સ્ટેટમેન્ટ પણ ઈશ્યું કરવામાં આવ્યું. પીએમ મોદીએ કહ્યું કે આજે બાંગ્લાદેશ ભારતનું સૌથી મોટું વિકાસ ભાગીદાર છે અને આ ક્ષેત્રમાં આપણું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. લોકો વચ્ચે સહયોગમાં સતત સુધારો થઈ રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે અમે આઈટી, અંતરિક્ષ, ન્યૂક્લિયર એનર્જી જેવા સેક્ટરમાં પણ સહયોગ વધારવાનો નિર્ણય કર્યો. તેમણે વધુમાં કહ્યું કે ગત વર્ષ અમે બાંગ્લાદેશની સ્વતંત્રતાની ૫૦મી વર્ષગાંઠ, અમારા ડિપ્લોમેટિક સંબંધોની સુવર્ણ જયંતી, શેખ મુજીબુર્રહમાનની જન્મ શતાબ્દી એક સાથે ઉજવી હતી. મને વિશ્વાસ છે કે આગામી ૨૫ વર્ષના અમૃત કાળમાં ભારત-બાંગ્લાદેશની મિત્રતા નવી ઊંચાઈએ સ્પર્શશે.

પીએમ મોદીએ કહ્યું કે આજે અમે કુશિયારા નદીથી જળ વહેંચણી પર એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેનાથી ભારતમાં દક્ષિણ અસમ અને બાંગ્લાદેશમાં સિલહટ ક્ષેત્રને લાભ થશે. એવી ૫૪ નદીઓ છે જે ભારત-બાંગ્લાદેશ સરહદેથી પસાર થાય છે અને સદીઓથી બંને દેશોના લોકોની આજીવિકા સાથે જોડાયેલી છે. આ નદીઓ તેમના વિશે લોકવાર્તાઓ, લોકગીત, અમારા સંયુક્ત સાંસ્કૃતિક વારસાના પણ સાક્ષી રહ્યા છે.

બાંગ્લાદેશના પ્રધાનમંત્રી શેખ હસીનાએ કહ્યું કે આગામી ૨૫ વર્ષો માટે અમૃત કાળની શુભકામનાઓ આપું છું, કારણ કે ભારત આત્મનિર્ભર ભારત માટે કરાયેલા પ્રસ્તાવોને પ્રાપ્ત કરવા તરફ અગ્રેસર છે. હું ભારત લગભગ ૩ વર્ષ બાદ આવી રહી છું, હું ભારતનો આભાર માનું છું અને અમારી વચ્ચે આગળ એક સકારાત્મક પ્રસ્તાવોની અપેક્ષા કરું છું.

આ પહેલા ભારત મુલાકાતે આવેલાં બાંગ્લાદેશી વડાપ્રધાન શેખ હસીનાની રિસેપ્શન સેરેમની રાષ્ટ્રપતિ ભવનમાં કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને રાષ્ટ્રપતિ ભવનમાં રિસીવ કર્યા હતા. શેખ હસીના ૮ સપ્ટેમ્બર સુધી ભારતની મુલાકાતે છે. રાષ્ટ્રપતિ ભવનમાં બાંગ્લાદેશનાં વડાપ્રધાન શેખ હસીનાએ કહ્યું, જ્યારે લિબરેશન વોર થઈ, અમારા દેશે જ્યારે સ્વાધીનતા મેળવી ત્યારે ભારત અને અહીંના લોકોએ અમારો સાથ આપ્યો, સપોર્ટ કર્યો. એ માટે હું હંમેશાં ભારતની આભારી રહીશ.

રાષ્ટ્રપતિ ભવનમાં શેખ હસીનાએ કહ્યું- ભારત અમારું મિત્ર છે. ભારત આવવાનું હંમેશાં પસંદ છે, કારણ કે તે મને હંમેશાં યાદ અપાવે છે કે આ દેશે બાંગ્લાદેશની આઝાદીમાં ખૂબ મદદ કરી હતી. અમારા મૈત્રી સંબંધો છે અને અમે હંમેશાં એકબીજાને મદદ કરીએ છીએ. તેમણે વધુમાં કહ્યું હતું કે અમારું મુખ્ય ફોક્સ અમારા લોકોની વચ્ચે સહયોગ વધારવો, ગરીબી ખતમ કરવી અને ઈકોનોમી સુધારવાનો છે. આ મુદ્દાઓને સાથે રાખીને અમે બંને દેશ કામ કરી રહ્યા છીએ. આનાથી ભારત-બાંગલાદેશ જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાના લોકોનું જીવનધોરણ સુધરશે.

બેલ્ટ એન્ડ રોડ ઈનિશિએટિવ મારફત ચીન બાંગ્લાદેશ અને નેપાળ જેવા નાના દેશોમાં વિસ્તરણ કરી રહ્યું છે. ચીન દેવાંના રૂપમાં ગરીબ દેશોમાં ઘણું રોકાણ કરે છે. પરંતુ જ્યારે આવક ઊભી થતી નથી ત્યારે ગરીબ દેશો ચીનના દેવાં હેઠળ દબાઈ જાય છે. આવું જ શ્રીલંકામાં થયું. શ્રીલંકા દેવાંમાં ડૂબી ગયું અને આખરે નાદાર થઈ ગયું. તેના પર બાંગ્લાદેશના પીએમએ કહ્યું- અમારી અર્થવ્યવસ્થા હજુ પણ મજબૂત છે. કોરોના સમયગાળો, રશિયા-યુક્રેન યુદ્ધની અસર થઈ છે, પરંતુ બાંગ્લાદેશ હંમેશા સમયસર લોન ચૂકવે છે. અમારો ડેબિટ દર ઘણો ઓછો છે.તેમણે ભારતને બાંગ્લાદેશનો 'ટેસ્ટેડ ફ્રેન્ડ' ગણાવ્યું હતું. તેમણે કહ્યું- ભારતે મૈત્રી પ્રોગ્રામ હેઠળ બાંગ્લાદેશમાં રસીના ઘણા કન્સાઈનમેન્ટ મોકલ્યા છે. આ પણ પ્રશંસનીય છે. તેમણે પાડોશી દેશો વચ્ચે મજબૂત સહયોગ જાળવવા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મતભેદો હોઈ શકે છે, પરંતુ તેમને વાતચીત દ્વારા ઉકેલવા જોઈએ.

## નીતીશ મંત્રીમંડળમાંથી બહાર નિકળતા જ કાર્તિકેય સિંહ અંડરગ્રાઉડ

પટણા,તા.૬

નીતીશ મંત્રીમંડળથી બહાર થયા બાદથી જ મહાગઠબંધનના ધારાસભ્ય કાર્તિકેય સિંહ અંડરગ્રાઉન્ડ થઇ ગયા છે જયારથી દાનાપુર કોર્ટે કાર્તિકેયની વચગાળાની જામીન રદ કરી છે ત્યારથી તે ગુમ છે.પોલીસ તેમની શોધ કરી રહી છે પરંતુ ન તો તેઓ ઘર પર મળ્યા ન તો પોતાના ગામમાં

આ બાબતે પટણા એસએસપીએ કહ્યું કે કાર્તિક કુમારની ધરપકડ સુનિશ્ચિત કરવા માટે સીજેએમ કોર્ટથી ૧૪ સપ્ટેમ્બરે પોલીસ બિન જામીન વોરંટ માંગશે કારણ કે તે દિવસો આ કેસની સુનાવણી છે આમ તો આ મામલામાં કાર્તિકેય સિંહની જામીન અરજી રદ કરવામાં આવી છે તે ૨૦૧૪થી જોડાયેલ છે કાર્તિકેય સિંહનું નામ વર્ષ ૨૦૧૪માં રાજીવ રંજન ઉર્ફે રાજુ સિંહના અપહરણ મામલામનાં આવ્યું હતું રાજુ સિંહ કયારેક અનંત સિંહના નજીકના સાથી હતી ૨૦૧૪માં પટણાની પાસેથી તેમનું નાણાંકીય લેવડદેવડના વિવાદમાં કહેવાતી રીતે અપહરણ કરવામાં આવ્યું હતું બાદમાં પોલીસે તેમને શોધી કાઢયા હતાં.પોલીસે આ મામલામાં અનંત સિંહ ઉપરાંત કાર્તિકેય સિંહ અને અન્યને પણ આરોપી બનાવ્યા હતાં બિહટા પોલીસે કાર્તિકેય સિંહ પર વિવિધ કલમો પર મામલો દાખલ કર્યો હતો જેમાં અપહરણ,હત્યાના ઈરાદે અપહરણ સામેલ છે હવે જયારે કોર્ટથી કાર્તિકેય સિંહને આંચકો લાગ્યો છે તે અંડરગ્રાઉન્ડ થઇ ગયા છે તેઓ કયાં છે કોઇને માહિતી નથી

છેલ્લા કેટલાક સમયથી તેઓ વિવાદોમાં ચાલી રહ્યાં છે આ સિલસિલો સૌથી પહેલા ત્યારથી શરૂ થયો હતો જયારે તેમણે મહાગઠબંધન સરકારમાં મંત્રી પદ માટે સોગંદ લીધા હતાં હકીકતમાં જે દિવસે તેમણે મંત્રી પદના સોગંદ લીધા હતાં તે દિવસે તેમને કોર્ટમાં પણ હાજર થવાનું હતું પરંતુ તેઓ કોર્ટમાં હાજર થવાની જગ્યાએ સીધા સોગંદવિધિ સમારંભમાં પહોંચી ગયા હતાં આજ કારણે ભાજપે તેમના પર અને નીતીશકુમાર પર પ્રહારો કર્યા હતાં વિવાદ તે વાત પર પણ રહ્યો હતો કે કાર્તિકેયને સરકારે કાનુન મંત્રાલય સોંપ્યું હતું બાગમાં ત્યાંથી હટાવ્યા બાદ તેમને શેરડી મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી હતી પરંતુ અંતમાં કાર્તિકેયે ખુદ જ પોતાનું રાજીનામુ નીતીશકુમારને સોંપી દીધુ હતું અને અંડરગ્રાઉન્ડ થઇ ગયા છે.

### આરએસએસના કાર્યકર્તાઓ ભાજપ નેતૃત્વથી નારાજ

## જે રાજયોમાં ભાજપને લોકસભા ચુંટણી માટે કડક મુકાબલો કરવાનો છે તેની સંખ્યા વધી રહી છે

નવીદિલ્હી,તા.૬

મે ૨૦૨૨માં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારની આઠમી વર્ષગાંઠ બાદ ભાજપ ૨૦૨૪ની લોકસભા ચુંટણીને લઇ આત્મવિશ્વાસથી ભરેલ હતી અને ઉત્સાહિત જોવા મળી રહી હતી જો કે ત્યારથી વસ્તુઓ બદલાઇ ગઇ છે.તાજેતરના ઘટનાક્રમોથી જાણવા મળે છે કે પાર્ટીની રણનીતિઓ સંપૂર્ણપણે નિયંત્રણમાં નથી

આંતરિક સર્વેથી સંકેત મળે છે કે મોટાભાગના ભાજપ મુખ્યમંત્રી વધુ લોકપ્રિય નથી પાર્ટીને ૨૦૨૪ પહેલા યોજાનાર ચુંટણી પહેલા થનાર ચુંટણીઓમાં સત્તા બનાવી રાખવા માટે વડાપ્રધાન મોદીની લોકપ્રિયતા અને કેન્દ્રની કલ્યાણકારી યોજનાઓ પર વિશ્વાસ કરવો પડશે.રાષ્ટ્રીય સ્તર પર લોકપ્રિય ન હોવા છતાં કર્ણાટકના ૭૯ વર્ષીય પૂર્વ મુખ્યમંત્રી બી એસ યેદિયુરપ્પાને પાર્લિયામેટ્રી બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા છે આવું એટલા માટે કારણ કે પાર્ટીને ખબર છે કે તેને આગામી વર્ષ વિધાનસભા ચુંટણી અને ૨૦૨૪માં સામાન્ય ચુંટણીમાં દક્ષિણમાં વધુમાં વધુ બેઠકો જીતવી હોય તો લિગાયત નેતાનો પુરૂ સમર્થન જરૂરી છે ભાજપના એક નેતાએ કહ્યું કે તેનાથી ખબર પડે છે કે પાર્ટી કર્ણાટકની બાબતમાં વધારે આશ્વસ્ત નથી

પાર્ટીએ પંજાબ અને મધ્યપ્રદેશથી એક શિખ ચહેરો ઈકબાલ સિંહ લાલપુરા અને એક દલિત ચહેરો સત્યનારાયણ જટિયાને પસંદ કર્યો મધ્યપ્રદેશમાં ભાજપ હત વિધાનસભા ચુંટણી દરમિયાન નબળા થયેલ પછાત સમુદાયોના મત હાંસલ કરવા ઈચ્છે છે જયારે પંજાબમાં પાર્ટી પોતાનો બેસ મજબુત કરવા માટે આતુર છે.

આમ આદમી પાર્ટીને લઇ ભાજપે અચાનક પોતાના વલણમાં પરિવર્તન કર્યું પાર્ટીએ અચાનક દિલ્હીમાં આબકારી નીતિ વિવાદને લઇ આપની વિરૂધ્ધ આક્રમક થઇ ગઇ છે.આ પરિવર્તન ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આગામી કેટલાક મહીનાઓમાં યોજાનાર ચુંટણી પહેલા આવ્યું છે ભાજપના આંતરિક સુત્રોનું કહેવુ છે કે જો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા સફળ રહી તો તે મજબુત વિરોધ પક્ષના નેતાના કલબમાં સામેલ થઇ શકે છે.જે રાજયોમાં ભાજપને લોકસભા ચુંટણી માટે કડક મુકાબલો કરવાનો છે તેની સંખ્યા વધી રહી છે તમિલનાડુમાં ૩૯ બેઠકો,કેરલમાં ૨૦ તેલંગણામાં ૧૭,આંધ્રપ્રદેશ ૨૫,બિહાર ૪૦ પંજાબ ૧૩ ઓરિસ્સા ૨૧ અને પશ્ચિમ બંગાળ ૪૨ બેઠકમાં ૨૦૦થી વધુ બેઠકો છે એક ભાજપ નેતાનું કહેવું છે કે ચોક્કસપણે આ મુશ્કેલી ઉભી કરે તેમ છે.

આ દરમિયાન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના કાર્યકર્તાઓમાં પણ નાખુશીના સંકેત છે જયાં કેટલીક નિયુક્તિઓ,ભુલો અને ભાજપ નેતૃત્વના કેટલાક નિર્ણયથી સંઘને નાખુશ કરી દીધા છે.જયારે બિલકિસમાં ૧૧ આરોપીઓનની ઉમ્રકેદની સજાની માફી તાજેતરના આદેશ પર સુપ્રીમ નેતૃત્વની ચુપકીદીથી નેતાઓમાં વધુ નારાજગી છે.જો કે પાર્ટીના નેતાઓનું કહેવુ છે કે ભાજપની પાસે પોતાની ભુલોને સુધારવાની અદ્‌ભૂત ક્ષમતા છે ભાજપના એક વરિષ્ઠ નેતાએ કહ્યું કે વડાપ્રધાન અને પાર્ટીનું વરિષ્ઠ નેતૃત્વે પોતાની ભુલોથી શિખવામાં કયારેય સંકોચ કર્યો નથી જે આશા અનુસાર કામ કરતી ન હતી તે હંમેશા શિખે છે અને રણનીતિઓને ફરીથી તૈયાર કરે છે.

## સીતાપુરમાં કાર્યકર્તાઓની સાથે યોગી સરકારના મંત્રી ધરણા પર બેસી ગયા

### ગરીબોને પરેશાન કરી અપરાધિઓને સંરક્ષણ આપવામાં આવી રહ્યું છે

સીતાપુર,તા.૬

યોગી સરકારના મંત્રીઓ અને ધારાસભ્યોની અધિકારીઓથી નારાજગીના અહેવાલો આવતા રહે છે ત્યારે હવે સીતાપુરમાં યોગી સરકારમાં મંત્રી સુરેશ રાહી ધરણા પર બેસી ગયા છે.યોગી સરકારમાં કારાગાર રાજયમંત્રી સુરેશ રાહીનો આરોપ છે કે એસડીએમ સદર ગ્રામીણોને પરેશાન કરી રહ્યાં છે અને સુનાવણી થઇ રહી નથી તેમણે એસડીએમ સદરની વિરૂધ્ધ ગ્રામીણો અને ગ્રામીણો અને કાર્યકર્તાઓની સાથે ધરણા પણ કર્યા હતાં.

આ ઘટનાથી જોડાયેલ એક વીડિયો પણ વાયરલ પણ થઇ રહી છે વીડિયોમાં સુરેશ રાહી પોતાના સમર્થકો અને ગ્રામીણોની સાથે ધરણા પર બેઠેલા જોવા મળી રહ્યાં છે આ દરમિયાન તે એસડીએમ સદરની ટીકા કરતા કહી રહ્યું છે કે અધિકારી,ગરીબોને પરેશાન કરવામાં આવી રહ્યાં છે અને અપરાધિઓને સંરક્ષણ આપવામાં આવી રહ્યું છે.હકીકતમાં સમગ્ર મામલો એ છે કે ૧૭૦ ગ્રામીણોને એસડીએમએ ૧૦૭-/ ૧૧૬ની નોટીસ આપી હતી તેમાં મોટાભાગના ગ્રામીણ ગામમાં રહેતા નથી મંત્રી સુરેશ રાહીએ કહ્યું કે તેઓ એ પુછવા આવ્યા હતાં કે નોટીસનો આધિર શુ છે.જો કે મંત્રીએ કહ્યું કે તે ધરણા પર બેઠા ન હતાં પરંતુ તે એ પુછવામાં આવ્યા હતાં કે ગ્રામીણોને આપવામાં આવેલ નોટિસનો આધાર શું છે.

જયારે ધરણા પર સીતાપુરના ડીએમ અનુજ સિંહ પણ પહોંચ્યા હતાં અને મંત્રી સુરેશ રાહી સાથે વાત કરી અને ગ્રામીણોની સમસ્યાઓના નિરાકરણનું આશ્વાસન પણ આપ્યું હતું આ દરમિયાન રાજયમંત્રીએ એસડીએમ સદરને હટાવવાની માંગ કરી હતી જયારે કહેવામાં આવી રહ્યું છે કે ડીએમ પણ પોતાની ઓફિસમાં હાજર ન હતાં અને મંત્રી પહોંચવા પર અધિકારીઓમાં નાસભાગ મચી ગઈ ત્યારબાદ ડીએમ પોતાની ઓફિસમાં પહોંચ્યા હતાં.રાજયમંત્રી સુરેશ રાહીએ પત્રકારો સાથેની વાતચીત કરતા કહ્યું કે તેમણે ધરણા કર્યા નથી કારણ કે બાબાજીની સરકારમાં ધરણા કરવા પડતા નથી તેમણે કહ્યું કે તે ગ્રામીણોની સમસ્યાઓને સાંભળવા માટે આવ્યા હતાં. એ યાદ રહે કે કેટલાક દિવસ પહેલા કુશીનગરમાં એક ભાજપ નેતા પોતાની જ સરકારમાં ધરણા પર બેસી ગયા હતાં.

### કેઆરકે કાવતરાનો શિકાર બન્યા છે : શત્રુધ્નસિંન્હા

## તેમનું સૌથી મોટું હથિયાર તેમનો આત્મવિશ્વાસ છે તે નિડર થઈ પોતાની વાત કહે છે

નવીદિલ્હી,તા.૬

કમાલ રાશિદ ખાનની જયારથી ધરપકડ થઇ છે ત્યારથી તેમની બાબતમાં અનેક વાતો કહેવામાં આવી રહી છે.કમાલની વિરૂધ્ધ બનેલ મીમ સોશલ મીડિયામાં જોત જોતામાં વાયરલ થયા તેમના વિવાદ બાદ હવે તેમના સમર્થનમાં અભિનેતા રાજનીતિ શત્રુધ્ન સિંન્હા આવ્યા છે. સિન્હાએ કહ્યું કે તેમની વિરૂધ્ધ એક કાવતરૂ રચવામાં આવી રહ્યું છે કમાલ રાશિદ ખાનનો કેઆરકેના નામથી જાણવામાં આવે છે. તેમની વિરૂધ્ધ અનેક ધારાઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા છે હાલ તેઓ પોલીસ હિરાસતમાં છે.શત્રુધ્નસિન્હાએ ટ્‌વીટ કરી કેઆરકેને કોઇના કાવતરાનો શિકાર બતાવ્યા સિન્હાના જણાવ્યા અનુસાર કેઆરકે એક જિંદાદિલ અને દિલેર વ્યક્તિ છે જે પોતાના વિચારને બધાની સામે હિમ્મતથી રાખવાનું જાણે છે સિન્હાએ ટ્‌વીટ કર્યું કે કમાલ રાશિદ ખાનને કોઈએ ભુલવા જોઈએ નહીં કમાલને દરેક કોઈએ હંમેશા યાદ રાખવા જોઈએ મોટો વિરોધ અને સંઘર્ષ છતાં કેઆરકે એક સેલ્ફ મેડ વ્યક્તિ છે તેમના પર ભગવાનના આશીર્વાદ છે તેમણે ફિલ્મ ઈડ્‌સ્ટ્રીની સાથે સાથે સમાજમાં ખુદ પોતાની એક અલગ જગ્યા બનાવી છે.સિન્હાએ કમાલ માટે અન્ય એક ટ્‌વીટમાં લખ્યું કે તેમનું સૌથી મોટું હથિયાર તેમનો આત્મવિશ્વાસ છે તે નિડર થઈ પોતાની વાત કહે છે કાનુનના દાયરામાં રહી કમાલ હંમેશા પોતાના મનની વાત કહેતા આવ્યા છે સ્થિતિ ગમે તેવી હોય,કોઈ સાથ આપે કે નહીં કમાલ પોતાની વાત કહેવામાં ચુકતા નથી તેમને કયારેય કોઈના સાથની જરૂર પડી નથી બોલવાના અધિકારનો કમાલે યોગ્ય રીતે ઉપયોગ કર્યો છે પછી ભલે કોઈ માને કે ન માને. શત્રુધ્નસિન્હાએ લખ્યું છે કે મને લાગે છે કે તેમની વિરૂદ્ધ કોઈ કાવતરૂ રચવામાં આવી રહ્યું છે તેવું વાતાવરણ ચાલી રહ્યું છે તે સ્થિતિઓના વિકિટમ નજરે પડી રહ્યાં છે ભગવાન તેમના પર આશીર્વાદ બનાવી રાખે હું આશા કરૂ છું અને પ્રાર્થના કરૂ છું કે કમાલ રાશિદ ખાનને તાકિદે ન્યાય મળશે તેઓ જે ડિઝર્વ કરે છે અને આ તાકિદે થાય તેટલું સારૂ જય હિંદ.

## તંત્રી સ્થાનેથી...

# કોંગ્રેસનું હલ્લા બોલ



*મોંઘવારી અને બેરોજગારી વિરુદ્‍ઘ હલ્લા બોલ રેલી દ્વારા કોંગ્રેસપ ોતાનું શક્તિ પ્રદર્શન કરવામાં તો સફળ રહી, પરંતુ એ કહેવું કઠિન છે કે આ પ્રદર્શનથી તે પોતાનું રાજકીય મહત્ત્વ વધારી શકશે. સ્વાભાવિક રૂપે આ રેલીમાં બધાની નજરો એના પર હતી કે રાહુલ ગાંધી શું કહે છે અને કયા વક્તાઓને બોલવાનો અવસર મળે છે? રાહુલ ગાંધીએ પોતાના ચિર-પરિચિત અંદાજમાં રેલીને સંબોધિત કરી, પરંતુ તેમના ભાષણમાં એવી કોઈ વાત ન હતી જે તેઓ પહેલાં કહી ન ચૂક્યા હોય. હંમેશાંની જેમ તેમણે મોંઘવારી અને બેરોજગારીની સાથે અન્ય અનેક સમસ્યાઓ માટે વડાપ્રધાનને જવાબદાર ઠેરવ્યા અને આ જૂનો આરોપ નવેસરથી દોહરાવ્યો કે તેઓ મુટ્ઠીભર ઉદ્યોગપતિઓ માટે કામ કરી રહ્યા છે. કોઈપણ સમજી શકે છે કે તેમણે નામ લીધા વિના અંબાણી અને અદાણીને ખાસ નિશાના પર લીધા. આ કામ તેઓ પાછલી લોકસભા ચૂંટણી સમયથી જ કરતા આવી રહ્યા છે. એ તો તેઓ જ જાણે કે તેનાથી તેમને શો લાભ મળી રહ્યો છે? રાહુલ ગાંધી એ વાત પણ ખબર નહીં કેટલી વાર પહેલાં પણ કહી ચૂક્યા છે કે ન્યાયપાલિકા, ચૂંટણી પંચ સહિત તમામ લોકતાંત્રિક સંસ્થાઓને કમજોર કરવાનું કામ કરાઈ રહ્યું છે. તેમની એ વાત પણ નવી નથી કે મોદી સરકાર દેશમાં ડર અને નફરતનો માહોલ બનાવી રહી છે. આ જૂના આરોપમાં તેમણે કંઈક નવું ઉમેર્યું હોય તો એ કે એનાથી ચીન અને પાકિસ્તાનને ફાયદો મળી રહ્યો છે.*

*કહેવું મુશ્કેલ છે કે રાહુલની વાતોથી આમ જનતા કેટલી પ્રભાવિત થશે, પરંતુ તેનો ઈનકાર ન કરી શકાય કે મોંઘવારી અને બેરોજગારી જેવી સમસ્યાઓ બેફામ વધી ગઈ છે. ખબર નહીં 'સરકાર આ સમસ્યાઓ પર ક્યાં સુધી નિયંત્રણ મેળવી શકશે, પરંતુ આમ જનતા એ જાણી-સમજી રહી છે કે આ એ સમસ્યાઓ છે જેનાથી દેશ જ નહીં, બલ્કે આખી દુનિયા ઝઝૂમી રહી છે. બહેતર એ રહેતું કે મુખ્ય વિપક્ષી દળ રૂપે કોંગ્રેસ આ સમસ્યાઓના સમાધાન પર પણ ચર્ચા કરતી, પરંતુ તે આ કામ ના તો સંસદમાં કરી રહી છે અને ના સંસદની બહાર. હલ્લા બોલ રેલી દ્વારા કોંગ્રેસે શક્તિ પ્રદર્શન અવશ્ય કર્યું, પરંતુ આ એકજુટતાનું પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહી. આ રેલીમાં ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાને છોડીને એ નેતાઓને કોઈ પ્રાથમિકતા ન આપવામાં આવી જેઓ પાર્ટીના સચાલનની રીતભાતોને લઈને લાંબા અરસાથી સવાલ ઉઠાવતા આવી રહ્યા છે અને હાલના દિવસોમાં અધ્યક્ષ પદની ચૂંટણીમાં પારદર્શિતાની માંગ કરી રહ્યા છે. આ રેલીએ એ પણ સ્પષ્ટ કર્યું કે કોંગ્રેસ નેતા રાહુલને જ નેતૃત્વ સોંપવા પર ભાર મૂકી રહ્યા છે. ખબર નહીં 'રાહુલ અધ્યક્ષ પદની ચૂંટણી લડશે કે નહીં, પરંતુ તેઓ ચૂંટણી નહીં લડે તો પણ અણસાર તો એવા જ છે કે નેતૃત્વ ગાંધી પરિવારના પસંદગીના નેતાને જ મળશે.*

# યુવકે પહેલા માતાનું ગળું દબાવી મારી નાંખી, પછી પોતે પણ ગળું કાપી આત્મહત્યા કરી

નવીદિલ્હી,તા.૬

શહેરના બુદ્ધવિહાર વિસ્તારમાં માતાની હત્યા કર્યા પછી પુત્રએ આત્મહત્યા કર્યાના કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસને એક દિવસ પહેલાં ઘટનાસ્થળેથી ૭૭ પેજની સુસાઈડ નોટ મળી આવી હતી. જેને વાંચ્યા બાદ ઓફિસર પણ આશ્ચર્યચકિત રહી ગયા હતા. માતાની હત્યા કરનારા પુત્રએ મોત પહેલાં સંપૂર્ણ ઘટનાક્રમની જાણકારી આપી હતી. તેણે જણાવ્યું હતુ કે, માતાની હત્યા ૧ સપ્ટેમ્બરે કરી હતી. ૨ દિવસ તેણે લાશ સાથે વિતાવ્યા છે અને માતાને બિમારીમાંથી મુક્તિ અપાવી હવે તે આત્મહત્યા કરી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, દિલ્હીના બુદ્ધવિહાર વિસ્તારમાં રોહિણી સેક્ટર ૧૪ પાસે આવેલા એક ફ્લેટમાં બનાવ અંગે સૂચના મળી હોવાથી રવિવારે સાંજે પોલીસ ત્યાં પહોંચી હતી. દરવાજો તોડીને અંદર જોયું તો ક્ષિતિજ ઉર્ફે સોનુ (૨૫ વર્ષ)ની લોહીલુહાણ લાશ બેડ પર પડી હતી. જ્યારે બાથરૂમમાં ક્ષિતિજની માતા મિથિલેશનો મૃતદેહ સંપૂર્ણ રીતે કહોવાઈ ગયેલી હાલતમાં મળ્યો હતો. ઘટનાસ્થળેથી સુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેમાં ક્ષિતિજે પોતે જ ગળું કાપ્યું હોવાનું જણાવ્યું હતું.

પોલીસે આ કેસમાં તપાસ આગળ વધારી અને ૭૭ પેજની સૂસાઈડ નોટને વાંચીને હેરાન થઈ ગયા હતા. આ નોટમાં કેટલીક ચોંકાવનારી બાબતો લખી હતી. સુસાઈડ નોટના પ્રમાણે, ક્ષિતિજે તેની માતા મિથિલેશની હત્યા ૧ સપ્ટેમ્બરે કરી હતી અને બે દિવસ સુધી તે માતાની લાશ સાથે રહ્યો હતો. પછી તેણે આત્મહત્યા કરી લીધી હતી.

સુસાઈડ નોટમાં માતાની હત્યા કર્યા બાદ બે દિવસ સુધી ઘરમાં શું-શું કર્યુ તેનો ઉલ્લેખ કર્યો હતો. ક્ષિતિજે લખ્યુ કે તેનો કોઈ મિત્ર ન હતો. પિતાની મૃત્યુ પછી આર્થિક તંગી હતી. માતા બીમાર રહેવા લાગી હતી. પોતે તે પણ બીમાર રહેતો હતો. ઈલાજ કરાવવા માટે પૈસા ન હતા.ક્ષિતિજ માતાને બીમારીવાળા શરીરથી મુક્તિ અપાવવા માંગતો હતો. પછી ગુરુવારે (૧ સપ્ટેમ્બર) તેણે ઘરમાં રાખેલા વાયરથી માતાનું ગળું દબાવ્યું, પછી ધારદાર કટર વડે ગળું કાપીને હત્યા કરી દીધી હતી. તે માતાની લાશ સાથે બે દિવસ સુધી ઘરમાં રહ્યો હતો. હત્યાના કેટલાક કલાકો પછી લાશમાંથી દુર્ગંધ આવવા લાગી તો ગંગાજળ છાંટ્યું હતું. ત્યારબાદ મૃતદેહ પાસે બેસીને ભગવદ્ ગીતાના પાઠ શરૂ કર્યા હતા.ક્ષિતિજે લખ્યું- લાશમાંથી સતત દુર્ગંધ આવતી હતી તેથી હું ભગવદ્ ગીતા આખી વાંચી શક્યો નહોતો. દુર્ગંધ દૂર કરવા ડિઓડ્રેન્ટ છાંટ્યું હતું. પોલીસને સુસાઈડ નોટમાં લખેલી બાબતોને વાંચ્યા બાદ ઘટનાસ્થળેથી તે તમામ વસ્તુઓ મળી આવી હતી. ક્ષિતિજે આર્થિક તંગી વિશે પણ લખ્યું છે. પોલીસ અધિકારીઓના અનુસાર, સુસાઈડ નોટ વાંચ્યા બાદ એવું લાગે છે કે, ક્ષિતિજ ખુબ જ એકલો હતો. તેથી તે સાઈકોલોજિકલ ડિસઓર્ડરનો શિકાર થઈ ગયો હતો. પોતાની હાલતને લીધે તે ડિપ્રેશનમાં જતો રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ક્ષિતિજની માતા સાથે દરરોજ સત્સંગમાં જનારી પાડોશી મહિલાએ ક્ષિતિજને કોલ કર્યો હતો.

# બોધકથા..સુખનો પડછાયો



એક રાણી એકવાર પોતાના ગળાના કિંમતી હીરાના હારને કાઢીને ખુંટી ઉપર લટકાવી રહી હતી ત્યાં જ એક બાજ પક્ષી આવે છે અને તે હારને લઇને ઉડી જાય છે.ચમકતા હીરાને જોઇને બાજ પક્ષીએ વિચાર્યું કે કોઇ ખાવાની ચીજ હશે.હાર લઇને બાજ એક વૃક્ષ ઉપર બેસે છે અને ખાવા જાય છે તો કઠોર હીરાથી તેને મોંઢામાં ઘણું જ દર્દ થાય છે.બાજ સમજી ગયો કે આ કોઇ ખાવાની ચીજ નથી એટલે હારને તે વૃક્ષની ડાળી ઉપર છોડીને જતો રહે છે.રાણીને આ રત્નજડીત હાર પ્રાણથી પણ વધુ પ્રિય હતો.રાણીએ રાજાને કહી દીધું કે ગમે તે રીતે મારા હારને શોધીને લાવો અને જ્યાંસુધી મારો હાર નહી મળે ત્યાં સુધી હું અન્નજળનો ત્યાગ કરૂં છું. રાજાએ તેવો જ બીજો હાર બનાવી આપવા કહ્યું છતાં રાણી પોતાની જીદ ઉપર અડગ હતી કે મારે તો એ જ હાર જોઇએ.નગરના તમામ નરનારી તથા સૈનિકોને હાર શોધવાના કામે લગાવ્યા પરંતુ હાર મળતો નથી.રાણી કોપભવનમાં જતી રહે છે.છેલ્લે હારીને રાજાએ નગરમાં જાહેરાત કરી કે જે રાણીનો હાર શોધી લાવશે તેને અડધું રાજ્ય આપવામાં આવશે.હવે તો હારને શોધવાની હરીફાઇ ચાલી.રાજ્યના અધિકારી અને તમામ પ્રજા અડધા રાજ્યની લાલચમાં હાર શોધવા લાગ્યા.

અચાનક એક દિવસ એક વૃક્ષની નીચેના ગંદા પાણીના નાળામાં હાર જોવા મળ્યો.નાળામાં હાર દેખાતો હતો પરંતુ તે નાળાનું પાણી દૂષિત હોવાથી દુર્ગંધ આવતી હતી છતાં અડધા રાજ્યની લાલચમાં એક સિપાઇ તે નાળામાં છલાંગ લગાવી નાળામાં પડે છે.ઘણી શોધખોળ કરવા છતાં હાર મળતો નથી. ફરીથી નાળામાં હાર દેખાય છે તેને જોઇને સેનાપતિ નાળામાં કૂદે છે.આ જોઇને કેટલાક નવયુવાનો અને સિપાઇઓ નાળામાં કૂદી પડે છે ઘણું મંથન કરવા છતાં કોઇને હાર મળતો નથી.બહારથી જોવામાં આવે તો નાળાના પાણીમાં હાર દેખાય છે અને તેને પકડવા કોઇ કૂદે છે તો હાર દેખાતો બંધ થઇ જાય છે.અડધા રાજ્યની લાલચમાં મોટા મોટા જ્ઞાની,રાજાના પ્રધાનમંત્રી અને તમામ નગરજનોએ હાર શોધવા નાળામાં ઝંપલાવ્યું અને અંદરોઅંદર હાર શોધવા લડી રહ્યા હતા.રાજાને ખબર મળી કે તમામ નગરજનોએ હાર શોધવા નાળામાં ઝંપલાવ્યું છે એટલે અડધું રાજ્ય ના આપવું પડે એટલે રાજા પોતે આવીને નાળામાં જુવે છે તો હાર દેખાય છે એટલે રાજા પણ ગંદા નાળામાં હાર શોધવા ભૂસકો મારે છે.રાજા જેવા નાળામાં પડે છે તેવો જ હાર અદ્રશ્ય થઇ જાય છે.

એક સંત ત્યાંથી પસાર થાય છે અને રાજા પ્રજા મંત્રી સિપાઇ..તમામને કિચડમાં જોઇને સંતને નવાઇ લાગે છે.સંતે પુછ્યું કે આ ગંદા નાળામાં પડવાની કોઇ પરંપરા છે? ત્યારે લોકો સમગ્ર હકીકતથી સંતને માહિતગાર કરે છે.સંત સાંભળીને હસવા લાગ્યા.ભાઇ..કોઇએ નાળાની ઉપરના વૃક્ષની ડાળી ઉપર તો જોયું જ નથી.હાર તો વૃક્ષની ડાળી ઉપર લટકી રહ્યો છે.નીચે નાળાના પાણીમાં તો તમોને હારનો પડછાયો દેખાય છે.રાજા પણ તમામની ભૂલ બદલ શરમ અનુભવે છે.

આપણે બધા પણ આ રાજા અને રાજ્યના લોકોની જેમ જ વર્તાવ કરી રહ્યા છીએ.અમે જે સાંસારીક ચીજવસ્તુઓમાં સુખ-શાંતિ અને આનંદ શોધી રહ્યા છીએ તે હારની જેમ ક્ષણિક સુખોના રૂપે પડછાયાની જેમ દેખાય છે.અમે ભ્રમમાં રહીએ છીએ કે અમુક ચીજવસ્તુઓ મળી જાય તો જીવન બદલાઇ જશે,બધું સારૂં થશે પરંતુ આ સિલસિલો તો અંતહીન છે.તન મન ધન અને તમામ સાંસારીક પદાર્થો સંપૂર્ણ સુખ આપી શકતા નથી.સુખ-શાંતિ અને આનંદ હીરાના હારના પડછાયા સમાન છે,તે પ્રભુ પરમાત્માને જાણીને તેમાં લીન થયા પછી જ મળે છે.

ફક્ત ધનથી જ સુખ પ્રાપ્ત થતું નથી પરંતુ ધન જ દુઃખનું કારણ છે.વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી જે સુખની અનુભૂતિ થાય છે તે ક્ષણિક અને પરીણામમાં વિષ બરાબર છે આ સત્યને હ્રદયમાં ઉતારી લેવાથી મનમાં વિષયોના પ્રત્યે વૈરાગ્યનો ભાવ આવી જાય છે.પ્રભુ પરમાત્માની ભક્તિ સિવાય બીજા કોઇ માર્ગે સુખ મળવું અશક્ય છે.વિષયોનું આકર્ષણ અત્યંત પ્રબળ છે.પ્રત્યેક વ્યક્તિ સુખ સુવિધાઓવાળું જીવન જીવવા ઇચ્છે છે.તેમની ઇચ્છાઓ અનંત છે જેની પૂર્તિ કરવા માટે તે અનેક મુસિબતોમાં ફસાય જાય છે અને તેને આત્મસાક્ષાત્કાર કરવાનો માર્ગ સુઝતો નથી.માનવ જન્મ દુર્લભ છે તેને વિષય ભોગોમાં નષ્ટ ના કરવો.

સાચી સમજ,સંતમિલન જેવું અન્ય કોઇ સુખ નથી.મૂર્ખ લોકો ચિન્તા કરે છે જ્યારે સંતજનો જે સત્ય પરમાત્માને જાણ્યા છે,હંમેશાં તેની યાદમાં મસ્ત રહે છે.પ્રભુ સુમિરણથી જ ક્લેશ કંકાશનો વિનાશ થાય છે, સુખ પ્રાપ્ત થાય છે.જે સ્થિતિમાં મુકાયા હોઇએ તેમાં સંતોષ માનવાથી જ સુખ મળે છે.કોઇ કોઇને સુખ કે દુઃખ આપતું નથી,તમામ મનુષ્ય પોતાના કર્મ અનુસાર ફળ પામે છે.

જીવનમાં સુખ..શાંતિ..આનંદ અને પ્રેમ ઇચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે.જે આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળી જાય છે.સંસારમાં કોઇપણ મનુષ્યને કોઇપણ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય છે તો તે એમ જ સમજે છે કેઃ બસ ! હું જ સુખી બનેલો રહું અથવા મારો પરીવાર જ સુખી રહે ! પરંતુ ભક્તના હ્રદયમાં આવી ભાવના હોતી નથી.ભક્ત સમગ્ર સંસારના માટે સુખોની કામના કરે છે.ભક્તના હ્રદયમાં એવી ભાવના હોય છે કેઃ જેવી રીતે મેં આ આત્મિક સુખને મેળવ્યું છે.આ આત્મિક સુખ સંસારમાં વસનાર તમામ પ્રાણીઓ પણ મેળવે.આ આત્મિક સુખ પરમાત્માને જાણવાથી જ પ્રાપ્ત થાય છે અને ત્યારબાદ માનવને દરેક જગ્યાએ એક પરમાત્માનું નૂર જ નજરમાં આવે છે તથા વૈર વિરોધની,નફરતની ભાવના આપોઆપ દૂર થાય છે. માનવમાત્રને સુખી જોવાની સંતોમાં અદમ્ય અભિલાષા હોય છે.સંતોનું કર્મ જ એ હોય છે કે તમામને મૂળ સત્ય(પરમાત્મા)ની સાથે જોડવામાં આવે.

ભક્ત સુખ-દુઃખની પ્રાપ્તિમાં સમાન રહે છે એટલે કે અનુકૂળતા-પ્રતિકૂળતા તેમના હ્રદયમાં રાગ-દ્વેષ..હર્ષ-શોક વગેરે પેદા કરી શકતાં નથી.અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં પોતાનામાં હર્ષ-શોક વગેરે વિકારો ના આવવા જોઇએ કારણ કે સુખ જેને મોકલ્યું છે તેને જ દુઃખ મોકલ્યું છે.સુખ પણ શિવ અને દુઃખ પણ શિવ (કલ્યાણ) છે.ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છતાં જેના મનની સ્થિતિ એકરસ રહે તે ભક્ત..! અજ્ઞાની મનુષ્યને સુખની પ્રાપ્તિમાં હર્ષ અને દુઃખમાં દ્વેષ થાય છે એટલે કે તેનો શોક કરે છે પણ જ્ઞાની ભક્તનો સુખ-દુઃખમાં સમભાવ હોવાથી કોઇપણ અવસ્થામાં તેના અંતઃકરણમાં હર્ષ શોક વગેરે વિકારો આવતા નથી.જેવી રીતે પગમાં જોડા પહેરીને ચાલવાવાળાને કાંકરા અને કાંટાનો કોઇ ભય હોતો નથી તેવી જ રીતે જેના મનમાં સંતોષ છે તેના માટે હંમેશાં બધી જગ્યાએ સુખને સુખ જ છે..દુઃખ છે જ નહી ! ભક્તોને મન બધી ભૌતિક વસ્તુઓની કિંમત હોતી નથી અને યોગ્ય સમયે તે મને મળશે તેની તેમને ખાત્રી હોય છે તેથી તે સંતુષ્ટ રહેતા હોય છે.

વિનોદભાઇ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વૃદ્ધો અશક્તો અને દિવ્યાંગ દર્શનાર્થી ઓમાટે અંબાજી મહામેળામાં દર્શનની અલાયદી વ્યવસ્થા

**૧૦૪ જેટલાદિવ્યાંગદર્શનાર્થીઓએવહીલચેરઅનેઇરીક્ષાદ્વારામાંઅંબાનાદર્શનકર્યા**

**સંવેદનશીલતાનીઅનુભૂતિસાથેવહીવટીતંત્રનોઆભારવ્યક્તકરતાદિવ્યાંગદર્શનાર્થીઓ**

(માહિતીબ્યુરોપાલનપુર)

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો શરૂ થઈ ચૂક્યો છે.

બે વર્ષ બાદ યોજાઈ રહેલા અંબાજીના મેળાને લઈ ગુજરાત અને દેશભરના માઈ ભક્તોમાં અનેરો થનગનાટ અને ઉત્સાહનો માહોલ છે ત્યારે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર્શનાર્થીઓ અને યાત્રિકોની તમામ સુવિધાઓ, સવલતો અને વ્યવસ્થાઓ સચવાય એ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે. મેળા માં પદયાત્રીઓ, સંઘો સાથે વૃધ્ધો, વડીલો અને દિવ્યાંગ માઈભક્તો પણ માં અંબાને માથું ટેકવવા અને આશિર્વાદ મેળવવા આવતા હોય છે.

આવા વૃધ્ધો, અશક્તો, વડીલો અને દિવ્યાંગ માઈ ભક્તો પ્રત્યે વહીવટીતંત્ર એ સંવેદના દાખવી તેમના માટે દર્શનની અલાયદી વ્યવસ્થા ગોઠવી છે. ચાલી ન શકનાર અને અશક્ત યાત્રિકો માટે વહીલચેર અને ઇ રિક્ષાની સુવિધા રાખવામાં આવી છે. જે અંતર્ગત મેળાના પ્રથમ દિવસે ૧૦૪ દિવ્યાંગો, અશકતો અને વૃદ્ધોને ઈ રીક્ષા અને વ્હીલચેર મારફતે માતાજીના દર્શન કરાવવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી. વૃદ્ધો, દિવ્યાંગો અને અશક્તોએ વહીવટીતંત્રની સંવેદનાને સરાહી તેમની કામગીરીને બિરદાવી હતી.

# સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગર ખાતે શિક્ષક દિવસ ઉજવાયો

ગાંધીનગર,

સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગર ખાતે આ વર્ષે શિક્ષક દિનની ઉજવણી તા. ૦૫/૦૯/૨૦૨૧ ના રોજ યોજવામાં આવી હતી. શિક્ષક દિવસના શિક્ષણની જવાબદારી વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર લેવામાં આવી હતી. આ દિવસની ઉજવણીમાં સંસ્થાના ૩૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સવારે ૯:૩૦ થીવાગ્યાથી સાંજ ૦૩:૧૦ વાગ્યા સુધીના નક્કી કરેલા સમયપત્રક મુજબ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા લેકચર તથા પ્રેક્ટીકલ લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓનું અગાઉ નક્કી કરેલા માપદંડોથી સ્ટાફ દ્વારા તેમની શિક્ષણ પદ્ધતિનું સર્વાંગી






મૂલ્યાંકન કર્યું હતું. શિક્ષક દિવસના અંતમાં વિદ્યાર્થીઓ દ્વારારાધાકૃષ્ણસર્વપલ્લીપરવક્તવ્ય, એકમિનિટનીરમતો જેવા કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં ભાગ લેનાર શ્રેષ્ઠ શિક્ષકોની સંસ્થા દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.શિક્ષક દિવસનાઆશુભ અવસર પર અમારી સંસ્થાના પ્રમુખશ્રી કે.જી.પટેલ સાહેબે સૌને શુભેચ્છાઓ પાઠવી.

# મહિલા સશક્તિકરણ અને શ્રેષ્ઠ શિક્ષકનું ઉમદા પ્રેરક સ્ત્રોત કાણોદર ના રોશન હસન

બનાસકાંઠા સમાચાર

બ્રાન્ચ શાળા નં -૧, પાલનપુર એક એવી શાળા કે જ્યાં સ્લમ વિસ્તારમાંથી આવતા બાળકો અભ્યાસ કરે છે. બાળકો સાથે લાગણીસભર તાદાત્મ્ય સાથે જ બાળકો પ્રત્યે એક આગવી વાત્સલ્યના સેતુથી બંધાયેલ શિક્ષિકા રોશન હસન એક અલગ વ્યક્તિત્વ પણ ધરાવે છે. તેઓ બાળકોમાં રહેલી અખૂટ શક્તિઓ પ્રત્યે ખૂબ જ શ્રધ્ધા સેવતા દરેક બાળકને કોઈક મુકામ પર પહોંચવા માટેના સપનાઓનું વાવેતર કરવું એ એમનું મુખ્યત્વે સપનું છે. સાથે જ એ સપનાઓને સાકાર કરવા શિક્ષણ ક્ષેત્રે આગવું પ્રદાન તેઓ આપી રહ્યા છે. બાળકો માટે મોટીવેશનલ સ્પીચ દ્વારા પણ તેઓ શિક્ષણ અને સમાજ માટે કાર્ય કરી રહ્યા છે. શાળામાંથી જ બાળકોને પોતાને મળેલ હોદ્દાની



જવાબદારી વિશે વધુ ખ્યાલ મેળવી શકે એ માટે શાળામાં પદગ્રહણ સમારોહ દ્વારા બાળકોનો વિચાર વધુ નક્કર બનાવવામાં આવે છે. ઈન્સ્ટોલેશન પ્રોગ્રામ દ્વારા બાળકોને પોતાના વ્યક્તિત્વની ઓળખ પણ આપવામાં આવે છે. રૈંહ્વી ના માધ્યમથી મોટીવેશનલ સ્પીચ દ્વારા સમાજ સુધી સારા વિચારો પહોંચાડવામાં સતત કાર્યરત રહે છે. વાંચન ક્ષેત્રે બાળકોને પ્રેરણા સ્ત્રોત પૂરો પાડતાં તેઓ પોતાના બાળકોને મુખ્યમંત્રી સાથેની સીધી વાતચીત સુધી લઈ ગયેલ છે.

પોતાની શાળા પ્રત્યે, પોતાની ફરજ પ્રત્યે સતત વફાદાર રહીને પોતાની શાળા અને પોતાના બાળકોના વિકાસ માટે અવનવા કાર્યક્રમો દ્વારા શિક્ષણને વધુ ગહન બનાવે છે.

જ્યાં શિક્ષણની ભૂખ નથી એવા વાલીઓમાં શિક્ષણની ભૂખ જાગે અને પોતાના બાળકો પણ ભવિષ્યમાં શ્રેષ્ઠ મુકામ હાસિલ કરે એ માટે વાલીશ્રીઓની જાગૃતતા માટે કાર્ય કરેલ છે. જેના પરિણામ રૂપે આજે કન્યાઓ આગળ અભ્યાસ કરી રહી છે. હિન્દી વિષય સાથે ગોલ્ડ મેડાલિસ્ટ રોશન હસન સાહિત્ય ક્ષેત્રે પણ પોતાનું આગવું યોગદાન આપી રહ્યા છે. કવિતા, રચના, ગઝલ, વાર્તા લેખન એમનું સર્જન રહ્યું છે.

# ગુજરાત કોંગ્રેસની જવાબદારી પ્રિયંકા ગાંધીને સોંપવા માટે નિર્ણય લેવાયો

અમદાવાદ,તા.૬

વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ ફરીથી મજબુત થવા માંગે છે. પક્ષ પલટાનો માર સહન કર્યા બાદ હવે કોંગ્રેસની કમાન પ્રિયંકા ગાંધી હાથમાં લઈ રહ્યા છે. ખાસ કરીને ગુજરાતમાં પરિસ્થિતિને થાળે પાડવા અને કોંગ્રેસને સંગઠનની દ્રષ્ટિએથી મજબુત કરવા માટે પ્રયાસો થઈ રહ્યા છે. જેમાં હવે પ્રિયંકા ગાંધી ગુજરાતમાં સક્રિય થઈ રહ્યા છે. આ નિર્ણય બાદ એક વાત તો નક્કી છે કે, વિધાનસભાની ચૂંટણીના એલાન પહેલા પ્રિયંકા ગાંધી ગુજરાતની મુલાકાતે આવી શકે છે.

કોંગ્રેસની સ્ક્રિનિંગ કમિટી યોજાઈ હતી. જેમાં ગુજરાત કોંગ્રેસની જવાબદારી પ્રિયંકા ગાંધીને સોંપવા માટે નિર્ણય લેવાયો છે. હકીકત એવી પણ છે કે, આ પહેલા પ્રિયંકા ગાંધી ઉત્તર પ્રદેશમાં સક્રિય થયા હતા. રાહુલ ગાંધીની ગુજરાત મુલાકાત બાદ તરત જ આ નિર્ણય લેવાતા ગુજરાતના રાજકારણમાં અનેક પ્રકારની ચર્ચાઓ થઈ રહી છે.

રાહુલ ગાંધી કન્યાકુમારીથી ભારત જોડોની યાત્રા શરૂ કરવાના છે. જેની સુકાની તેમણે લીધી છે.

# શક્તિપીઠ બહુચરાજી ટ્રસ્ટની ' ડેવલોપમેન્ટ ઓફ બેચરાજી ટેમ્પલ " માટેની મીટીંગ મહેસાણા કલેક્ટર ઓફિસ ખાતે મળી

શ્રી બહુચરાજી માતા ટેમ્પલ ટ્રસ્ટ

બહુચરાજી શક્તિપીઠ .જિલ્લો - મહેસાણા

મંદિરના ટ્રસ્ટી અને ચેરમેન કલેક્ટર મહેસાણા શ્રી ઉદીપ અગ્રવાલ ટ્રસ્ટી શ્રી યજ્ઞેશભાઇ દવે ટ્રસ્ટી શ્રી બલવંતસિંહ રાજપુત જયશ્રીબેન પટેલ અને અન્ય મહાનુભવો ની હાજરીમાં બહુચરાજી ટેમ્પલ ડેવલોપમેન્ટ માટે મોટા નિર્ણયો લેવાયા.આ બેઠકમાં મહેસાણા ડીએસપી પ્રાંત કડી સહિત અન્ય ટ્રસ્ટીઓ પણ જોડાયા હતા

મુખ્ય મંદિર ના શિખર ની ઊંચાઈ નો વિવાદ દૂર કરવા સમગ્ર મંદિરને નવેસરથી રી ડેવલપ કરી શિખર ૫૬ ફૂટની ઊંચાઈએ લઈ જવામાં આવશે મુખ્ય મંદિર પરિસર ભોજનશાળા યજ્ઞશાળા માનસરોવર તળાવ તથા રેસ્ટ હાઉસ અને પરિસર ની આજુબાજુ નો તમામ વિસ્તાર અંબાજી મંદિરના ધોરણે ડેવલપ કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવશે ટૂંક સમયમાં તેની કામગીરી શરૂ થશે ટ્રસ્ટ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી.મંદિર પરિસરમાં એલઈડી સ્ક્રીન લગાવવામાં આવશે તેમજ આદ્યશક્તિ બહુચરાજી માતાજી સવાર અને સાંજની આરતી વેબસાઈટ દ્વારા ઓનલાઈન બતાવવામાં આવશે જેથી દેશ તથા વિદેશમાં રહેતા મારી ભક્તોને દર્શનનો અને આરતી નો લાભ મળી શકે.મા શક્તિની પૂજા અર્ચના નો નવરાત્રી નો ઉત્સવ ધામધૂમથી રંગે ચંગે માતાજીના પરિસરમાં ઉજવવામાં આવશે.શ્રી બહુચરાજી શક્તિપીઠ ના મંદિર પરિસર ને 'બી ' કેટેગરી માંથી 'એ ' કેટેગરી એટલે કે અંબાજી અને સોમનાથ મંદિરની કેટેગરીમાં રૂપાંતર કરવામાં આવશે.વૃદ્ધ અશક્ત અને દિવ્યાંગ ભક્તો માટે વ્હીલ ચેર અને લિફ્ટ ની વ્યવસ્થા કરવામાં આવશે દર્શનમાં પણ તેમને અગ્રીમતા આપવામાં આવશે.મંદિરની નજીક આવેલ બધેલીયા તળાવ નું બ્યુટીફિકેશન કરી ડેવલપ કરવામાં આવશે. તેમજ મંદિરની આસપાસના વિસ્તારમાં પણ સુધારા કરવામાં આવશે.મંદિરની ફરતે આવેલ કિલ્લાને દિવાલને નવેસરથી ઓપ આપીને હેરિટેજ લુક આપવામાં આવશે.યજ્ઞશાળા તથા મંદિર પરિસરમાં આવેલ નાના મોટા મંદિરો ને પણ સુધારા વધારા કરી નવીનીકરણ કરવામાં આવશે


પ્રસાદ માટે અલગ અલગ કેટેગરી અને બોક્સની વ્યવસ્થા કરવામાં આવશે તેમજ માતાજીના મંદિરમાં માતાજીને ચઢાવવામાં આવેલી સાડી દાતા ભાવિક ભક્તોની પ્રસાદી સ્વરૂપે આપવા માટે અલગ પેકેજ કરવામાં આવશે

મંદિરના યજ્ઞશાળા તથા નવચંડી કરનાર બ્રાહ્મણોના માનદ વેતન દક્ષિણામાં પણ ઘણો મોટો વધારો કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની પ્રેરણાથી ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટી શ્રી કિરીટભાઈ પટેલ શ્રી જયેશભાઈ મોદી શ્રી સંદીપભાઈ શેઠ શ્રી રાજેશ પટેલ શ્રી રાકેશ સોની શ્રી સુખાજી ઠાકોર સહિત તમામ ટ્રસ્ટીઓએ ઉપરોક્ત નિર્ણયો સર્વાનુંમતે દેવસ્થાનના વિકાસ માટે લીધા હતા

ઉપરોક્ત પ્રેસ નોટ આપના સુપ્રસિદ્ધ મીડિયામાં લઈ યોગ્ય પ્રસિદ્ધિ આપવા મહેરબાની. ડો યજ્ઞેશ દવે,ટ્રસ્ટી, શ્રી બહુચરાજી માતા ટેમ્પલ ટ્રસ્ટ, બેચરાજી મહેસાણા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO - 0050

ગુરુ /શિક્ષક.

.................................... ગુરુની મહિમા શું કહું...? સાચા ગુરુ થકી મળે જીવન..! એનાથી મળે જ્ઞાનની ધારા ..!

મન જીવનને સંસારની વાતો..!
જ્ઞાનની ધારા, જ્ઞાનનો સંસાર સાગર..!
ગુરુ આપણને મંદિર સુધી પહોંચાડે..!
ગુરુ પોતે સ્વય દીપક બની જાય આપણાં માટે..!
અનમોલ રત્ન મારાં ગુરુ ..!
નૈયા પાર ઉતારે ...!
માતા પિતા આપણાં પ્રથમ ગુરુ કહેવાય છે..!
એક માતા ૧૦૦ શિક્ષકની ગરજ સારે...!
ગુરુ આપણને અક્ષર જ્ઞાન આપે ..!
જીવનનાં હર ડગલે પગલે રાહ બતાવે...!
ખાલી કોરી પાર્ટી લઈ શાળાએ ગયાં..!
ને હાથ પકડીને એકડો શીખવાડ્યો મારાં ગુરુએ..!
એવું જ્ઞાન આપ્યું મુંજ જીવનમાં...!
કેવાં નાદાન કુમળાં પાન જેવાં..!
ટકોરા મારી મારીને ઘડ્યાં અમને..!
લખતાં, વાંચતાં, રમતાં શીખવાડ્યું..!
હર પરીક્ષા માં ઉત્તમ નિવળ્યા..!
ને પાક્કા બનાવ્યાં ગુરુએ..!
શિસ્તને સંસ્કારથી ઘડી દીધાં..!
જીવનનાં મૂલ્યો સહજ શીખવાડ્યા..!
એ ગુરુને શત શત..!

રાગીની શુક્લ 'રાગ'
મુંબઈ, કાંદિવલી

---------------------------------------------

NOG SS No. 120

પ્રકાર : પદ્ય
શિર્ષક : શિક્ષક નો તહેવાર
વિષય : શિક્ષક

શિક્ષકોનો તહેવાર

શિક્ષકોનો આજે આવ્યો રૂડો તહેવાર,
હોંશે-હોંશે ઉજવીએ રૂડો તહેવાર...
શિક્ષક દિવસનો આવ્યો રૂડો અવસર,
શિક્ષક બનવાનો આવ્યો રૂડો અવસર...
જીવનમુલ્યોનાં પાઠશિખવવા તૈયાર થઈએ,
જીવનઘડતરનું ભણતરભણી તૈયાર થઈએ...
વાંચનનો વહેવાર રાખીએ આપણાં જીવનમાં,
નિત નવું-નવું શિખવા નો સૌ કરીએ વિચાર...

રમીલાબેન ડી મકવાણા "રમા"

---------------------------------------------

NOG SS No:121

પ્રકાર : મુક્તક
શીર્ષક;
વિષય : શિક્ષક
છંદ - લગાગાગા '૪

તું ચાહે ત્યાં મને ઈશ્વર, ભલે લાખો જનમ આપે,
કે ચાહે તો અસંખ્ય યાતનાઓમાં મને નાખે.
કૃપા બસ એટલી ચાહું, મળે કોઈ સબળ શિક્ષક,
તરાશી ઘાટ દે ઉન્નત અને આતમ પ્રભુ સ્થાપે.

હાર્દિક રાવલ (હાર્દ)
મહેસાણા

---------------------------------------------

NOG. SS .NO.0026

વિષય - શિક્ષક
વિભાગ - પદ્ય ( ગઝલ)
શીર્ષક - સમજણને વિકસાવે શિક્ષક.

જ્ઞાનનાં બીજને વાવે શિક્ષક.
સમજણને વિકસાવે શિક્ષક.
સાચું, ખોટું બાળ ક્યાં જાણે?
પ્રેમથી એ પરખાવે શિક્ષક.
મહેનત કરતાં જંગ જીતાશે,
એવુંયે સમજાવે શિક્ષક.
કૂંપળ ઉગતાં છોડ બને છે,
માળી થઈ સહલાવે શિક્ષક.
જ્ઞાનથી ઉજ્વળ થાતું જીવન,
એવી જ્યોત જલાવે શિક્ષક.

અંજના ગાંધી 'મૌનુ'
વડોદરા
( હાલ અમેરિકા)

### જીએફસીસી માં મેનેજીંગ ડીરેકટર તરીકે નિવૃત અધીકારીને એકસટેશન આપી નિમણુંક

# એમ.ડી. દ્વારા ડીઝલ ખરીદીના ટેન્ડરીંગ ની તપાસ કરવા યુવા કોળી સમાજ ની માંગ

## ડીઝલ બજાર ભાવ કરતાં ૩.૭૫ વધારે શું કામ અને જે ઓઈલ કંપનીઓ ઓછા ભાવે માછીમાર ભાઈઓ ને ડીઝલ આપતી તે ક્યાં ખોવાઈ ગયા

ગુજરાત યુવા કોળી સમાજ ના યુવા પ્રદેશ પ્રમુખ રસિક ચાવડા દ્વારા મુખ્યમંત્રી શ્રી ને પત્ર લખી માંગ કરી છે કે માછીમાર ભાઈ ઓ ને ડીઝલ ઉપર રીફંડ સરકારી સંસ્થા જીએફસીસી માછીમાર ભાઈઓ ને ડીઝલ પુરું પાડતી સંસ્થા છે .

જે સર્પણ સરકારી છે તેવી જીએફસીસી જે માછીમાર ને કયા ભાવે ડીઝલ વેચવું તેમજ માછીમાર ભાઈઓ માટે કયા થી ડિઝલ ખરીદવું આ બધું નક્કી જીએફસીસી સંસ્થા ની આગેવાની હેઠળ તેમનાં એમ ડી ( મેનેજીંગ ડીરેક્ટર ) કરતાં હોય ,

પહેલા જે ડીઝલ ઓછા ભાવે મલતું તેનું મેનેજમેન્ટ પણ જીએફસીસી કરતી તે ગુજરાતના તમામ માછીમાર મંડળી વતી ડીઝલ વહેચતી કંપની ઓ સાથે બેઠક કરી ટેન્ડર નક્કી કરતી હોય છે ગયા વર્ષે પણ આ જ રીતે ટેન્ડર માં માછીમાર ભાઈઓ લાખો લીટર ડીઝલ વાપરતા હોય કંપની દ્વારા ઓછા ભાવે જીએફસીસી સાથે કરાર કરેલ હતાં દર વર્ષે આ કરાર થતાં હોય એ કરાર માં હમેશાં માછીમાર નું હીત જોવાની જવાબદારી હમેશાં જીએફસીસી ની હોય છે .જીએફસીસી નું બંધારણ પણ તેના ઉપર ઘડાયેલું છે માછીમાર ને મલતાં ડીઝલ નો સપુંણ ભાવ નું બંધારણ પણ તેણે જ નક્કી કર્યું હોય છે તો આ વર્ષે માછીમાર ભાઈઓ ને મલતું ડીઝલ બજાર ભાવ કરતાં ૩.૭૫ વધારે શું કામ અને જે ઓઈલ કંપનીઓ ઓછા ભાવે માછીમાર ભાઈઓ ને ડીઝલ આપતી તે ક્યાં ખોવાઈ ગયા કોઈ અધિકારી ના ખિસ્સા ગરમ થયા અને જીએફસીસી નું બંધારણ ભુલાય તો ગયું નથી ને આ બધું જાણવા ક્યાં શું ભુલ છે જીએફસીસી માછીમાર નું હીત જોતી સરકારી સંસ્થા શા કારણે માછીમાર નું અહિત કરતાં નિર્ણયો લે છે ?? જીએસીસી સંસ્થામાં મેનેજીંગ ડીરેકટર તરીકે નિવૃત અધીકારીને એકસટેશન આપી નિમણુંક કરાર આધારીત કરવામાં આવી છે .

જયારે માછીમારોનું અહીંત આ સંસ્થા દ્વારા થતુ હોય તો તેની તપાસ થવી જોઈએ અને ડીઝલ ખરીદીના નવા ટેન્ડર માં પણ કોઈ નું ભષ્ટાચાર થયો હોય એવી આશંકા વ્યકત રસિક ચાવડા એ કરી છે તો ડીઝલ ખરીદીના ટેન્ડરીંગ ની કમીટી બનાવી તપાસ કરવામાં આવે તેવી માંગ કરી છે.



શ્રી બી. જે. ગઢવી બી.એડ કૉલેજ, રાધનપુર ખાતે તા. ૫મી સપ્ટમ્બરે શિક્ષકદિનની ઉજવણી સાથે પ્રથમ વર્ષના પ્રશિક્ષણાર્થીઓનો આવકાર અને તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો તેની એક ઝલક.પ્રિન્સિપાલ, ડૉ. મનીષા પી. વ્યાસ

# ગુજરાત રાજયના રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ ભાભર તાલુકાના ફાળે



CM presents Gujarat State Best Teachers award at Ahmedabad

૫ મી સપ્ટેમ્બર એટલે શિક્ષકો માટે જ ગૌરવનો દિવસ નહી, પરંતુ સમગ્ર લોકોનો પ્રેરણાસ્ત્રોત દિવસ ગણાય છે. બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના શ્રી લાડુલા પ્રાથમિક શાળામાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અને સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના નગવાડા ગામના વતની શ્રી રમીલાબેન ડી મકવાણા ને રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક ,ગુજરાત રાજ્યના મહામહીમ રાજ્યપાલ સાહેબ શ્રી આચાર્ય દેવવ્રત ના વરદ હસ્તે ટ્રોફી,શાલ અને રોકડ પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કરવામાં આવેલ છે. સાથે ગુજરાત સરકારના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ, શિક્ષણમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી સાહેબ તથા કિર્તીસિંહ વાઘેલા સાહેબ તથા તથા શિક્ષણ સચિવશ્રી ડો વિનોદ રાવ સાહેબ અને શિક્ષણના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને શિક્ષણપ્રેમીઓ ની વિશાળ જનમેદની ની ઉપસ્થિતિમાં ટાગોરહોલ - પાલડી અમદાવાદ ખાતે ભવ્યતાથી સન્માન કરવામાં આવ્યું

લાડુલા જેવા નાના ગામમાં રમીલાબેન મકવાણા એ શિક્ષણની સાથે સાથે અનેક લોકોની મદદ કરી છે તેમજ ગામમાં હવાડો,ચબૂતરા,વિધવા મહિલાઓની વિધવા સહાય થી લાભાન્વિત કરવામાં તેમનું યોગદાન રહ્યું છે તેમજ કોરોનાના કપરા સમયમાં પોતાના સ્વખર્ચ સમગ્ર ભાભર તાલુકાના તમામ ગામોમાં રસીકરણ જાગૃતિ અભિયાન ચલાવ્યું હતું

જનસેવા એ જ સાચી સેવા નો ભેખ તેઓ એ ધારણ કરેલ છે ધન્ય છે આવા કર્મનિષ્ઠ સારસ્વત રમીલાબેન મકવાણાને



Swaminarayan Gurukul Hyderabad , 25 years silver jubilee Mahaustsav on 2/10/ 22. Krushna Charanbas Swami, Vishwa Mangaldas Swami invites Gurukul's trustee's Nanjibhai Patel, Harjibhai Patel, Jasmat Patel, Chandu Patel, Mahesh Patel, Ashwin Patel

યુજીસીએ જાહેર કરેલ નકલી યુનિવર્સિટીની યાદીમાં રાજુ રદી વોટસએપ સહિત બીજી યુનિવર્સિટીના નામ શોધે છે!!!

"ગિરધરભાઇ. ગાંધીજી નકલી પુરવાર થયા અને નેતાજીના પણ આવા હાલ થયા!" રાજુ ઉશ્કેરાટમાં હતો.

" રાજુ તું પાગલ થયો છું કે ફોગાટની જેમ તને ગાંધી ધિક્કારનું સિન્થેકટિક ડ્રગ કોઇએ બળજબરીથી પાઇ દીધું છે? મેં રાજુ રદીને પ્રખર દેશભકતની સ્ટાઇલમાં મુખર થઇ ખખડાવ્યો.

" ગિરધરભાઇ મેં કોઇ કેફી પીણું પીધું નથી કે

મને કોઇએ ડ્રગ પરાણે પિવડાવ્યું નથી. હું ગાંધીજી અને નેતાનો ચુસ્ત ચાહક છું મારે એમની ટીકા કરીને ચૂંટણીની ટિકિટ જોઈતી નથી કે લાઈનલાઇટમાં આવવું નથી! ચલો દિલ્હી!" રાજુએ આંસુ ટપકાવ્યા વિના પસ્તાવાની ગંગામાં ડુબકી મારી.

"રાજુ તને આવા વિચાર કયાંથી આવ્યા?" મેં તપાસ સંસ્થા જેવી આગવી ઢબે ઇન્ટ્રોગેશન શરૂ કર્યું.

"ગિરધરભાઇ. આ યુજીસી કંઇ બલા છે? વિપક્ષોને ખત્મ કરવા માટે છૂટથી વપરાતી ઇડી, ઇટી , સીબીઆઈ જેવી નામચીન સંસ્થા છે? એક નેતાઓ હમણા તેને સરકારના જમાઈ પણ કહ્યા. પાકિસ્તાન માટે એવું કહેવાતુ કે રેગ્યુલર અગિયાર ઉપરાંત બે અમ્પાયર મળીને કુલ ૧૩ ખેલાડીની સ્કવોર્ડ સામેની ટીમ સામે રમે છે. હાસ્યકાર સરસ સંપત તો એવું કહે છે કે એ ખેલાડીને કોણ આઉટ કરી શકે જેના પિતાજી સ્વયં થર્ડ અમ્પાયર કે રેફરી હોય!!?" રાજુએ આજે યુનિવર્સલ બોસ ક્રિસ ગેઇલ જેવી ફટકાબાજી કરી.

" રાજુ . યુજીસી એટલે યુનિવર્સિટી ગ્રાંટ કમિશન તરીકે ઓળખાતા આયોગની રચના રચના - ૧૯૫૬ માં

તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે છે. યુજીસી રેગ્યુલ્ટર તરીકે યુનિવર્સિટીના શિક્ષણના સંકલન , નીતિ નિર્ધારિણ અને પ્રસ્થાપિત ધોરણોની જાળવણી કરે છે.તે યુનિવર્સિટી અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોને અનુદાન પ્રદાન કરે છે .

યુજીસી મુખ્યત્વે આર્થિક બાબતોની પૂછપરછ,યુનિવર્સિટીઓ અને કોલેજોને તેમના વિકાસ અને જાળવણી માટે અનુદાન ફાળવવા અને વિતરણ કરવા ,

યુનિવર્સિટી શિક્ષણને પ્રોત્સાહન અને સંકલન આપવું ,

યુનિવર્સિટી અને કોલેજોના શિક્ષકો / અધ્યાપકો અને અન્યની નિમણૂક અને સેવા માટેના નીતિ - નિયમો બનાવવા ,વિવિધ સ્તરે અસ્તિત્વમાં રહેલા અભ્યાસક્રમોની સમીક્ષા કરવા,અભ્યાસક્રમના એકમના / કોર્સના આધુનિકીકરણ અને તેમને પુનર્ગઠન માટેના સૂચનો સૂચવવા વગેરે કામગીરી કરે છે!" મેં રાજુને યુજીસીની રચના કામગીરીનો ફોડ પાડ્યો.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC) એ આજે ??૨૪ 'સ્વ-ઘોષિત' સંસ્થાઓને નકલી જાહેર કરી છે. આ સિવાય બે એવી સંસ્થાઓ સામે આવી છે જેણે નિયમોનું પાલન કર્યું નથી. ૨૪માંથી ૮ નકલી યુનિવર્સિટીઓ માત્ર દિલ્હીમાં જ કાર્યરત હતી. આ પછી, ઉત્તરપ્રદેશ આ યાદીમાં બીજા નંબરે છે, જ્યાં ચાર નકલી યુનિવર્સિટીઓ છે. તે જ સમયે, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં બે-બે યુનિવર્સિટી નકલી છે. કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, પુડુચેરી અને આંધ્રપ્રદેશની એક-એક યુનિવર્સિટીનો પણેંજ્ઞ દ્વારા નકલી હોવાનું જાણવા મળેલી સંસ્થાઓની યાદીમાં સમાવેશ થાય છે. આ યુનિવર્સિટીઓમાં મેડિકલ, એન્જિનિયરિંગ, કૃષિ અને વ્યાવસાયિક અભ્યાસક્રમો ઓફર કરતી યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે.

લેભાગુઓએ મહાત્મા ગાંધીજી અને નેતાજી સુભાષચંદ્રનું નામ વટાવતા અને બોળાવતા કોઇ શરમ રાખી નથી, કોઇ કસર રાખી નથી . હમામમાં સબ નંગે હોતે હૈ પરંતુ.નકલમાં બધા દિગ્મબર?? ચીનના શાહુકારની જેમ દિલ્હીના ઠગ પણ કુખ્યાત છે હવે ખબર પડી!! ઉતર પ્રદેશ વિશે તો કોઇ અનુમાન જ ન થઇ શકે. કા સમજે બગુવા!!

પટનામાં તો વિશ્વ વિધાલય જેવું તોતિંગ નામ ધરાવતી યુનિવર્સિટી બે ઓરડામાં કાર્યરત હતી. આટલું કોસ્ટ કટિંગ કરનારને તો દેશનો નાણામંત્રી બનાવવો જોઇએ??

આર્ટેસ, કોમર્સ જેવી વિદ્યાશાખામાં નકલી કોલેજ કે યુનિવર્સિટી તો સમજ્યા. મેડીકલ, એન્જિનિયરીંગમા પણ નકલી રેમેડેસિવરની જેમ નકલી યુનિવર્સિટી? જેમ ડોલા-૬૫૦ ટેબ્લેટસબનાવતી કંપનીને કોરાના કાળમાં ૧૦૦૦ કરોડની ગિફટ આપીને ડોકટરોને જહોની વોકર( બાટલીનું નામ છે, પણ એક મશહૂર કોમેડિયનનું નામ છે. જેણે શરાબનું ટીપું પીધા વિના દારૂડિયાની લાજવાબ અદાકારી કરી હતી. થ્રી હેટસ ટુ હીમ!!) આ દેશમાં અસલી કરતા નકલીની બોલબોલા છે. અસલી માર્કશીટ કે ડીગ્રી સર્ટિફિકેટ કરતા નકલી વધારે હશે. આવા કાગળિયાંને આધારે નોકરીમાં દાખલ થઇ લોકો રીટાયર થઇ અસલી પેન્શન ખાય છે. નકરી કાગળિયાંથી વિધાયક કેસંસદસભ્ય થઇ મંત્રીપદ પણ મેળવે છે.રાજુ રદી યુનિવર્સિટીની વેબસાઈટ સર્ચ કરીને થાક્યો . બાય ધી વે રાજુ કોલેજના પગથિયા ચડ્યો નથી કે કોલેજના પગથિયા- ચપ્પલ ઘસ્યા નથી !! રાજુ રદી મુંજવણમાં મુકાઇ જાય એટલે મૂંછના વાળ અગર હાથના નખ કરડવા મેડે છે.

આ લિસ્ટમાં (અંધ)ભક્ત યુનિવર્સિટી, વિરોધ યુનિવર્સિટી, વીર ફેંકેન્દ્ર યુનિવર્સિટી,પોલ્સન યુનિવર્સિટી, નફરત વિકાસ વૃધ્ધિ યુનિવર્સિટી , પક્ષપલ્ટો યુનિવર્સિટી, આખલા યુનિવર્સિટી ,અફવા યુનિવર્સિટી , ફેઇક ન્યુઝ યુનિવર્સિટી ,ઢાંકપિછોડા યુનિવર્સિટી કે સૌથી વિશાળ આજીવન છાત્રો ધરાવતી વોટસએપ યુનિવર્સિટીના નામ કેમ નથી?" રાજુએ છેવટે પૂછી જ નાંખ્યું!!

" આ સવાલ મને નહીં યુજીસીને પૂછ.!!!" કહી મે ચૂપચાપ ચાલતી પકડી!!

ભરત વૈષ્ણવ

### ટાંકણું

સમયનું સતત ટાંકણું પડે છે,
ને કદરૂપું કાળું શિલ્પ ઘડે છે.
મય સુરાહી જેવી દેહયષ્ટિ મળી,
ને લગ્ન પછી પાણીના પીપ ઘડે છે.
અરીસો ચેતવણી ન પણ આપે,
કુરૂપતાની ખતરાની બિપ ઘડે છે.
સાત્વિકને બદલે રેડી ટુ ઈટ ફૂડ,
કોલ્ડડ્રિંકના ટાઢા સીપ ઘડે છે.
અલ્પાયુમાં કેટલા ભવ જીવવાના,
લડાઈ માટે વધુ,પ્રેમ માટે અલ્પ ઘડે છે!!
એટલા પરવરદિગારના ઉપકાર છે,
એની બંદગી કરવા ક્યાં માપ ઘડે છે?

ભરત વૈષ્ણવ
૬.૯.૨૦૨૧.#કવિતા

## અંબાજી દુર હૈ.... જાના જરૂર હૈ....

# અદમ્ય ઉત્સાહ સાથે અંબાજી તરફ ચાલતા માઇભક્તો

**દાંતા- અંબાજીના ડુંગરાઓમાં જામતી ભાદરવી મહામેળાની શાનદાર જમાવટ મેળાની વ્યવસ્થાઓ ઉપર કલેકટરશ્રી આનંદ પટેલની સીધી નજર**



અંબાજી,

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાની શાનદાર જમાવટ થઇ રહી છે. અંબાજી તરફ જતા તમામ રસ્તાઓ પર માઇભક્તો ગરબાની રમઝટ સાથે આગળ વધી રહ્યાં છે. આ વર્ષે થયેલા સાર્વત્રિક સારા વરસાદને લીધે ગરમીથી લોકોને રાહત મળતાં માઇભક્તો અદમ્ય ઉત્સાહ સાથે અંબાજી તરફ ચાલી રહ્યા છે. અંબાજી વિસ્તારના ડુંગરાઓ સોળે કળાએ ખીલ્યા હોવાથી પ્રકૃતિના સાંનિધ્યમાં હવે અંબાજી મુકામે મિનીકુંભનો માહોલ સર્જાશે.

બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકો માટે ઠેર ઠેર વિશાળ પ્રમાણમાં સુવિધાઓ ઉપલબ્ધ બનાવાઇ છે.

માઈભક્તો માટે મહેમાનો જેવી સરસ આરામની વ્યવસ્થા કરાઇ

આપણી ભારતીય સંસ્કૃતિ અતિથિ દેવો ભવની સંસ્કૃતિ છે ત્યારે ભાદરવી પૂનમના મેળામાં આવતા યાત્રિકો અને માઇભક્તો પ્રત્યે રાજ્ય સરકારે એજ અતિથિ દેવો ભવની ભાવનાને સાર્થક કરતું સરસ આયોજન પદયાત્રિકો માટે કર્યું છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કુલ-૫ વિશાળ ડોમ યાત્રાળુઓના વિસામા અને આરામ માટે બનાવવામાં આવ્યા છે જેમાં યાત્રિકો પોતાના ઘેર સૂતા હોય તેમ શાંતિથી ઘસઘસાટ ઉંઘી શકે છે. હડાદ બાજુથી અંબાજી તરફ આવતા કામાક્ષી મંદિર અને પોલીસ સ્ટેશન નજીક તથા દાંતા રોડ પર અને પાન્છા ખાતે પલંગ- ગાદલા સહિતની સુવિધાઓ સાથે વિશ્રામ વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાં યાત્રિકો આરામ કરીને અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. વહીવટી તંત્ર દ્વારા રસ્તાઓ ઉપર પીવાનું પાણી, આરોગ્ય, લાઇટની સુવિધા અને સુરક્ષા સહિત તમામ વ્યવસ્થાઓ ખુબ સરસ રીતે ગોઠવવામાં આવેલી છે.

અંબાજીમાં સ્વચ્છતા માટે ૭૦૦ જેટલાં સફાઇ કર્મચારીઓ સેવામાં

મેળાની વ્યવસ્થા માટે જુદી જુદી ૨૮ સમિતિઓ સહિત આ વર્ષે પ્રથમ વખત બેઝ સમિતિ બનાવી બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી આનંદ પટેલ મેળાની સમગ્ર પરિસ્થિતી પર સીધી નજર રાખી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સુચના આપી રહ્યા છે. કલેકટરશ્રીએ મેળાના પ્રારંભ પહેલાં અંબાજીને સંપૂર્ણ સ્વચ્છ બનાવવા અધિકારીઓને તાકીદ કરતાં સ્વચ્છતા માટે સ્પેશ્યલ ટીમો મુકીને ૭૦૦ જેટલાં સફાઇ કર્મચારીઓ દ્વારા રાઉન્ડ ધ ક્લોક સફાઇની કામગીરી કરવામાં આવે છે. પરિણામે અંબાજીના તમામ વિસ્તારો સાફ- સુથરા અને સ્વચ્છ બનતાં ઘણા યાત્રિકોએ અંબાજીની સ્વચ્છતાની સરાહના કરી છે.

અંબાજીના ડુંગરાઓમાં ભક્તિરસની રમઝટ

દાંતા-અંબાજી વિસ્તારના ડુંગરાઓ જાણે જીવંત બન્યા છે અને ચારેબાજુ બસ ભક્તિરસની જ રમઝટ જોવા મળે છે. દૂર દૂરથી યાત્રિકો બોલ મારી અંબે......... જય જય અંબે............ ના પ્રચંડ જયઘોષ સાથે અંબાજીના ડુંગરાઓ ચઢી રહ્યા છે. સંઘમાં આવતા માઇભક્તો માતાજીના રથને ભક્તિભાવપૂર્વક ખેંચીને તેમજ ગરબાના તાલે રમતા-ઝુમતા અંબાજી તરફ આનંદથી આગળ વધી રહ્યા છે.

રસ્તાઓ ઉપર ઘણા સ્થળોએ વિવિધ સેવાકેન્દ્રો કાર્યરત બન્યાં છે. જેમાં યાત્રિકોને ચા-પાણી, નાસ્તો, જમવાનું તથા વિસામાની સગવડ મળે છે. મેળા પ્રસંગે માઇભક્તો ભક્તિમાં જાણે તરબોળ બન્યાં છે. રસ્તાઓ ઉપર વિવિધ સેવાકેન્દ્રોના સંચાલકો અને સ્વયંસેવકો પદયાત્રિકોને આદરપૂર્વક વિનવણી કરીને ચા- નાસ્તો, જમવાની સેવાનો લાભ લેવા આગ્રહ કરતા જોવા મળે છે. સેવાકેન્દ્રો ઉપર પણ ભક્તિ સંગીત, ગરબાના તાલે માઇભક્તો ઝુમી રહ્યા છે.

અંબાજી મંદિરના ચાચર ચોકમાં માઇભક્તો હર્ષપૂર્વક માતાજીના જયઘોષ કરી રહ્યા છે. ઘણા ભાવિકો ભક્તિભાવથી મંદિરના શિખર ઉપર ધજાઓ ચડાવે છે. દર્શન કરીને મંદિર બહાર આવતા યાત્રિકોના મોં પર આનંદ અને સંતોષની લાગણી જોવા મળે છે.

દર્શનની વિશેષ વ્યવસ્થા

ભાદરવી મહામેળા પ્રસંગે લાખોની સંખ્યામાં યાત્રિકો અંબાજી ઉમટી રહ્યા છે ત્યારે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા યાત્રિકોને સરળતાથી દર્શન થાય તે માટે ખાસ સુવિધાઓ કરવામાં આવી છે. સંઘમાં આવતા લોકો માટે અલાયદી રેલીંગ વ્યવસ્થા કરવામાં આવી છે. દંડવત પ્રમાણ, દિવ્યાંગો, વ્હીલચેરવાળા, સિનિયર સીટીઝન્સ તથા ગરબાવાળા યાત્રિકોને બસ સ્ટેન્ડથી મંદિર સુધી વચ્ચેની લાઇનમાંથી સીધા લેવાની વ્યવસ્થા કરવામાં આવી છે. યાત્રાળુઓની લાઇનમાં પીવાના પાણીની તથા લીંબુ શરબતની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

પ્રસાદ વિતરણ માટે ખાસ વ્યવસ્થા

અંબાજી આવતા તમામ યાત્રિકો દર્શનાર્થીઓ સરળતાથી મા અંબાનો પ્રસાદ મેળવી શકે એ માટે સાડા ત્રણ લાખ કિ.ગ્રા. પ્રસાદના ૪૨ લાખ પેકેટ તૈયાર કરાયા છે.

વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા

અંબાજી મેળામાં આવતા લાખો યાત્રિકોને વિનામૂલ્યે ભોજન મળી રહે એ માટે ૩ જગ્યાએ વ્યવસ્થા કરવામાં આવી છે. જે અંતર્ગત દિવાળી બા ભવન, ગબ્બર તળેટી અને અંબિકા ભોજનલયમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

'અંબાજી તીર્થસ્થાન પ્રાચીન સમયથી.......

આદ્યશક્તિ મા અંબાનું તીર્થસ્થાન અંબાજી બહુ પ્રાચીન સમયથી હોવાનું મનાય છે. સીતાજીને શોધતા ભગવાન રામ અને લક્ષ્મણ અંબાજી નજીક આવેલા અર્બુદાચલના જંગલોમાં શૃંગી ઋષિના આશ્રમમાં પહોંચ્યા ત્યારે ઋષિએ તેઓને ગબ્બર મુકામે માતાજીના દર્શનાર્થે મોકલ્યા હતા.

ભગવાન શ્રીરામ અને લક્ષ્મણજીએ ભક્તિભાવપૂર્વક મા ની પૂજા-અર્ચના કરી હતી ત્યારે માતાજીએ પ્રસન્ન થઇ રાવણનો નાશ કરવા ભગવાન રામને અજયબાણ આપ્યુ હતુ ને એજ બાણથી રાવણનો નાશ થયાની માન્યતા છે.

ભગવાન શ્રીકૃષ્ણનું ચૌલકર્મ અંબાજીમાં મા અંબેના સ્થાનકે થયાનો પુરાણોમાં ઉલ્લેખ છે. ૫૧ શક્તિપીઠોમાં સમાવિષ્ટ અંબાજી શક્તિપીઠનો મહિમા અજોડ અને ભવ્ય છે. માતાજીનું મૂળ સ્થાન ગબ્બર પર્વત ઉપરનું સ્થાનક મનાય છે. અંબાજી મુકામે યાત્રિકોની સુવિધા માટે નોંધપાત્ર વિકાસકામો કરવામાં આવતાં યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. વરસે ૧.૨૫ કરોડથી વધુ દર્શનાર્થીઓ અંબાજી આવે છે.

અહેવાલ લક્ષ્મણ ઠાકોર અંબાજી

## 'આર્ષ' શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર, અક્ષરધામ ખાતે તા.૧૧–૦૯–૨૦૨૨ના રોજ 'આર્ષ ત્રૈમાસિક પ્રવચનશતક સમારોહ'ની વિશેષ સભા યોજાશે




(પ્રશાંત ભટ્ટ)
કચેરી અધીક્ષક

ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપા અને વિશ્વવંદ્ય સંત પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા તથા પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ કાર્યરત, આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગર દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષ્યમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યકિતવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન-ચિંતન અને શાસ્ત્ર – વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. સને ૧૯૯૭ થી પ્રારંભ થયેલ આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળામાં અત્યાર સુધી ૯૯ પ્રવચનોનું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવેલ છે. આગામી ૧૦૦માં પ્રવચન પૂર્વે આર્ષ ત્રૈમાસિક પ્રવચનશતક સમારોહની વિશેષ સભાનું આયોજન તા.૧૧–૦૯–૨૦૨૨ના રવિવારના રોજ, હરિમંદિર સભાગૃહ ખાતે, સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ દરમ્યાન યોજાશે.

આ પ્રવચનશતક સમારોહની વિશેષ સભામાં અતિથિવિશેષ તરીકે ગુજરાત રાજયના ભૂતપૂર્વ મુખ્ય સચિવશ્રી, શ્રી પી. કે. લહેરી તેમજ ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રીશ્રી, શ્રી કૃષ્ણકાંત જહા ઉપસ્થિત રહેશે. તથા મહંતશ્રી અક્ષરધામ, પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી આશીર્વાદ આપશે. આ સૌ શ્રોતાજનોને લાભ લેવા વિનંતી.

## રાજ્યના શાળા સંચાલક ઘટક મંડળોના હોદેદારો સહિત ૫૫૦ જેટલા સંચાલકોની SNME કેમ્પસ રિંગ રોડ ખાતે એક બેઠક યોજાઇ



આજરોજ ગુજરાત રાજય શાળા સંચાલક સંયોજક સમિતિના નેજા હેઠળ સમગ્ર ગુજરાત રાજયના શાળા સંચાલક ઘટક મંડળોના હોદેદારો સહિત ૫૫૦ જેટલા સંચાલકોની SNME કેમ્પસ રિંગ રોડ ખાતે એક બેઠક યોજાય હતી, જેમાં નીચે મુજબના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવેલ અને સરકારશ્રીમાં રજૂઆત કરવાનું અને રજૂઆતથી ઉકેલ ના આવે તો આગળ ઉપર કાર્યક્રમ આપવાનું સર્વાનુમત્તે ઠરાવવામાં આવેલ હતું.

(૧) શાળાના આચાર્ય શાળા મંડળની જોડતી કડી હોય, જેની નિમણૂંકની સંપૂર્ણ સત્તા શાળા મંડળની હોવી જોઈએ.

(૨) જૂના મહેકમ મુજબ સુધારો કરી બિન શૈક્ષણિક કર્મચારીઓ પટ્ટાવાળા, કારકુન વિગેરેની જગ્યાઓ શાળા કક્ષાએ શાળા મંડળ દ્વારા ભરતી કરવાની છૂટ આપવી, અને શિક્ષકોની ભરતી ૨ : ૧ એટ્લે કે ૨ શિક્ષકની સરકારશ્રી નિમણૂંક આપે અને એક શિક્ષક શાળા મંડળ નિમણૂંક આપે, જે નિમણૂંકની સંપૂર્ણ સત્તા શાળા મંડળને આપવી

(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલ, પ્રાયોગિક શિક્ષકો જેવી બિન શૈક્ષણિક જગ્યાઓ ભરવાની છૂટ શાળા મંડળને આપવી.

(ક્રમ – ૧ થી ૩ની નિમણૂંકની સંપૂર્ણ સત્તા શાળા મંડળની હોવી જોઈએ)

(૪) ૦૨ વર્ગો વાળી શાળાઓમાં આચાર્ય સહિત ૦૩ શૈક્ષણિક કર્મચારીઓ મળે છે, જેમાં બાળકોને શૈક્ષણિક રીતે મોટા ભાગના વિષયના શિક્ષકનો લાભ મળી રહે, તે માટે આચાર્ય સહિત ૦૪ શૈક્ષણિક જગ્યાઓની મંજૂરી આપવી.

(૫) શાળામાં વર્ગ દીઠ વિદ્યાર્થી સંખ્યા ઓછામાં ઓછી ૩૦ વધુમાં વધુ ૪૫ શહેરી વિસ્તારમાં જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ઓછામાં ઓછી ૨૦ અને વધુમાં વધુ ૪૫ રાખવી જોઈએ.

(૬) શાળાઓના નિભાવણી ખર્ચ માટે પ્રવર્તમાન અનુદાનની રકમ પર્યાપ્ત ન હોય, ત્યારે શાળાને મળવાપાત્ર અનુદાનની રકમમાં વ્યાજબી વધારો જરૂરી છે, અને પરિણામ આધારિત ગ્રાન્ટ નીતિ રદ કરવી જોઈએ.

(૭) સ્વનિર્ભર શાળાઓને પડતી મુશ્કેલીઓ અંગે અને શાળામાં લઘુતમ ફી રાખવાની ફ્ઈઝની હાલની જોગવાઈમાં પુનઃ સમીક્ષા કરવી જરૂરી છે.

(૮) લઘુમતિ શાળાઓને મળતી છૂટછાટ પુનઃ મળવી જોઈએ.

લી. આપના વિશ્વાસુ
(ડૉ. પ્રિયવદન કોરાટ)
તારીખ : ૦૬/૦૯/૨૦૨૨

## ફોટો ગેલેરી



## કોંગ્રેસ સાથે છેડો ફાળી યુથ કોંગ્રેસના પુર્વ પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, કોંગ્રેસના મહામંત્રીશ્રીઓ શ્રી વિનયસિંહ તોમર, શ્રી નિકુલ મિસ્ત્રી, ગુજરાત N.S.U.I ના ઉપપ્રમુખશ્રી પાર્થભાઇ દેસાઇ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા

જનતામાં કોંગ્રેસની છબી દિવસે ને દિવસે બગડતી જાય છે, કોઇ કાર્યકર જનતા વચ્ચે જાય તો કોંગ્રેસ પાર્ટીની છબીને કારણે અમારે પણ ઘણુ સાંભળવું પડતું. – શ્રી વિશ્વનાથસિંહ વાઘેલા

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર પ્રમુખ બન્યા ત્યારે કહ્યુ હતું કે ભુક્કા કાઠી નાખાવાના છે પરુંતુ આજે તો કોંગ્રેસ પાર્ટીના જ ભુક્કા નીકળે છે.- શ્રી વિશ્વનાથસિંહ વાઘેલા

આવનાર સમયમાં યુથ કોંગ્રેસના નારાજ કાર્યકરોને ભારતીય જનતા પાર્ટીમાં જોડવાનો પ્રયાસ કરીશું.- શ્રી વિશ્વનાથસિંહ વાઘેલા

કોંગ્રેસના પ્રભારીશ્રી રઘુ શર્માના પુત્ર સિદ્ધાર્થ શર્માંને રાજસ્થાનમાં મોટુ પદ આપવા માટે આખુ ષડયંત્ર છેલ્લા ત્રણ ચાર મહિનાથી ચાલતુ હતું. રઘુ શર્માના પુત્ર પ્રેમના કારણે આખી ગુજરાત યુથ કોંગ્રેસને સાઇડમાં મુકવામાં આવી. - શ્રી વિશ્વનાથસિંહ વાઘેલા

કોંગ્રસમાં જૂથવાદ અને પુત્ર પ્રેમ ચાલી રહ્યો છે. પાર્ટીમાં પ્રસ્થાપિત નેતાઓ પાર્ટીમાં તેમના પુત્રાને પદ અપાવવા માટે યુવા કાર્યકરોનો ભોગ લઇ રહ્યા છે. – શ્રી વિનયસિંહ તોમર

કોંગ્રેસમાં યુવા કાર્યકરો પાર્ટીથી ખૂબ નારાજ છે. – શ્રી વિનયસિંહ તોમર

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના કર્મનિષ્ઠ પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના યશસ્વી ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહની રાષ્ટ્રવાદની વિચારધારા તેમજ ગુજરાતમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની મજબૂત સંગઠન શક્તિ અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની વિકાસની રાજનીતીથી પ્રેરાઇને યુવાનો તેમજ રાજકીય પાર્ટીના નેતાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાય રહ્યા છે તેમાં આજે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના નેતૃત્વમાં કોંગ્રેસના યુવા નેતાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇ જેમાં યુથ કોંગ્રેસના પુર્વ પ્રદેશ પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલા, કોંગ્રેસના મહામંત્રીશ્રીઓ શ્રી વિનયસિંહ તોમર,શ્રી નિકુલ મિસ્ત્રી,ગુજરાત ન્.જી.ૈં. ના ઉપપ્રમુખશ્રી પાર્થભાઇ દેસાઇ,અખીલ બાવરી સમાજના પ્રમુખશ્રી માલારામ બાવરી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો આજે પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરઘાનભાઇ ઝડફીયા સહિત પ્રદેશના હોદેદારોના વરદ હસ્તે ખેસ અને ટોપી ઘારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.



ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા પછી યુથ કોંગ્રેસના પુર્વ પ્રમુખશ્રી વિશ્વનાથસિંહ વાઘેલાએ મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની રાષ્ટ્રવાદની વિચારઘારાથી પ્રેરાઇ તેમજ ભાજપના છેવાડાના કાર્યકરો ને ગુજરાતના વિકાસ માટે કામ કરતા જોયા છે તેમનાથી પ્રેરાઇ આજે ભાજપમાં જોડાયો છું. કોંગ્રેસ દ્વારા દેશને આઝાદી અપાવવા જે નેતાઓએ બલિદાન આપ્યું હતું તેવા નેતાઓને અભેરે મુકી દીધા. હવે કોંગ્રેસ પાર્ટી ઘણી બદલાઇ ગઇ છે. જનતામાં કોંગ્રેસની છબી દિવસે ને દિવસે બગડતી જાય છે અને કોઇ કાર્યકર જનતા વચ્ચે જાય તો કોંગ્રેસ પાર્ટીની છબીને કારણે અમારે પણ ઘણુ સાંભળવું પડતું. યુથ કોંગ્રેસના પ્રમુખ બન્યા પછી પાર્ટીને બદલવાનું કામ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કામ કરવા દેવામાં આવતું નહી તે બતાવે છે કે કોંગ્રેસમાં જૂથવાદ ચરમસિમાએ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર પ્રમુખ બન્યા ત્યારે કહ્યુ હતું કે ભુક્કા કાઠી નાખાવાના છે પરંતુ આજે તો કોંગ્રેસ પાર્ટીના જ ભુક્કા નીકળે છે. કોંગ્રેસના પ્રભારીશ્રી રઘુ શર્માના પુત્ર સિદ્ધાર્થ શર્માંને મોટુ પદ આપવા માટે આખુ ષડયંત્ર છેલ્લા ત્રણ ચાર મહિનાથી ચાલતુ હતું. રઘુ શર્માના પુત્ર પ્રેમના કારણે આખી ગુજરાત યુથ કોંગ્રેસને સાઇડમાં મુકવામાં આવી.

શ્રી વિશ્વનાથસિંહ વાઘેલાએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસના ઇન્ચાર્જ રઘુ શર્માના આવ્યા પછી કોંગ્રેસના કાર્યકરોના કોંગ્રેસ પાર્ટી છોડવાનો સિલસિલો યથાવત છે.

કોંગ્રેસ પાર્ટીએ કયારેય છેવાડાના માનવી માટે કામ કરવાનો પ્રયાસ કર્યો નથી.આવનાર સમયમાં યુથ કોંગ્રેસના નારાજ કાર્યકરોને ભારતીય જનતા પાર્ટીમાં જોડવાનો પ્રયાસ કરીશું. પાર્ટીના યુવા કાર્યકરો કે જેમને દેશ માટે અને રાજય માટે કામ કરવા માંગતા હોય તેવા યુવા કાર્યકરોને કોંગ્રેસ પાર્ટી કોઇ દિશા આપતી જ નથી. કોંગ્રેસ પાર્ટી પદ વહેંચે છે. મેમ્બરશીપના બહાને રૂપિયા ઉઘારવી રહી છે તેની સામે અમારો વિરોઘ હતો. આવનાર દિવસમાં પાર્ટીના આગેવાનો જે કામ સોંપશે તેને નિષ્ઠા પુર્વક કરીશું.

શ્રી વિનયભાઇ તોમરે જણાવ્યું કે, છેલ્લા ૨૦ વર્ષ કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલો હતો. અમારા પરિવારની ત્રણ પેઢી કોંગ્રેસ પાર્ટી સાથે જોડાયેલી હતી. આજે કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાળી ભાજપમાં જોડાયો છું. કોંગ્રસમાં જૂથવાદ અને પુત્ર પ્રેમ ચાલી રહ્યો છે. પાર્ટીમાં પ્રસ્થાપિત નેતાઓ પાર્ટીમાં તેમના પુત્રાને પદ અપાવવા માટે યુવા કાર્યકરોનો ભોગ લઇ રહ્યા છે.અત્યારથી જ તેમના પુત્રનું ભવિષ્ય નક્કી કરી રાખ્યુ છે કે કોણ કયાથી ચૂંટણી લડશે અને કોને કયો હોદ્દો મળશે. યુવા કાર્યકરો પાર્ટીથી નારાજ છે.

આ કાર્યક્રમમાં પ્રદેશના ઉપાધ્યક્ષશ્રી ગોરઘનભાઇ ઝડફીયા, યુવા મોરચાના પ્રદેશ પ્રમુખશ્રી ડો. પ્રશાંતભાઇ કોરાટ, પ્રદેશના સહ પ્રવકતાશ્રી ડો.રૂત્વીજ પટેલ,પ્રદેશના આગેવાનશ્રી સાગરભાઇ રાયકા, પ્રદેશના અગ્રણી નેતાશ્રી જયરાજસિંહ પરમાર,પ્રદેશના સહ મીડિયા કન્વીનરશ્રી ઝુબિનભાઇ આસરા, પ્રદેશના સોશિયલ મીડિયાના સહ કન્વીનરશ્રી મનનભાઇ દાણી સહિતના પ્રદેશના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે "ટકાઉ વિકાસ માટે મૂળભૂત વિજ્ઞાન:પડકારો અને સંભાવનાઓ'' વિષય પર સાયન્સ સેમીનાર યોજાશે

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ધ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તથા વિજ્ઞાનના નવીનત્તમ જ્ઞાનને સમજે તે સારું અનેક વિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ મ્યુઝીયમ,કોલકતા તથા નહેરુ સાયન્સ સેન્ટર,મુંબઈના ઉપક્રમે દર વર્ષે નેશનલ સાયન્સ સેમીનારનું આયોજન કરવામાં આવે છે.જેમાં ભારતભર માંથી મોટી સંખ્યામાં બાળકો ભાગ લે છે. ગાંધીનગર જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓ નેશનલ લેવલની ઈવેન્ટ માં ભાગ લે તે સારું નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ,ગુજરાત સરકાર) ના ઉપક્રમે જિલ્લા કક્ષાના સાયન્સ સેમિનારનું આયોજન તા.૦૮/૦૯/૨૦૨૨, ગુરુવાર ના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજાશે. આ વર્ષે સેમીનારનો વિષય Basic Sciences for Sustainable Development : Challenges & Prospects એટલે કે "ટકાઉ વિકાસ માટે મૂળભૂત વિજ્ઞાન:પડકારો અને સંભાવનાઓ'' છે. આ વિષય પર વિદ્યાર્થીઓ પી.પી.ટી અથવા ચાર્ટના માધ્યમ ધ્વારા રજૂઆત કરશે.ગાંધીનગરની જુદી જુદી શાળાઓમાંથી વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લેવા રજીસ્ટ્રેશ કરાવેલ છે. જેમને રજીસ્ટ્રેશ ન કરાવ્યું હોય અને ભાગ લેવાની તૈયારી કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પણ મો.૯૦૯૯૩૮૨૯૩૬ પર જાણ કરીને ભાગ લઇ શકશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.